RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 92* Date: 21.01.2023, Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દેશનાં ૭૧ હજાર યુવાઓને પીએમ મોદી તરફથી નોકરીની ભેટ

## વચનો પૂરા કરવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવોઃવડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૨૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૧૦ લાખ કર્મચારીઓ માટે ભરતી અભિયાન ‘રોજગાર મેળા‘ હેઠળ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં લગભગ ૭૧ હજાર નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્ર સોંપ્યો હતો.

આ દરમિયાન રોજગાર મેળાને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું હતું કે રોજગાર મેળો આપણા સુશાસનની ઓળખ બની ગયો છે અને આ અમારા વચનો પૂરા કરવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ચાલો જાણીએ પીએમ મોદીના રોજગાર મેળામાં સંબોધનની થોડી ખાસ વાતો -

પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રોજગાર મેળામાં સંબોધન સમયે પીએમ મોદીએ કહ્યું કે વ્યાપાર અને કારોબારની દુનિયામાં એવું કહેવાય છે કે ગ્રાહક હંમેશા સાચો હોય અને એ જ રીતે શાસન વ્યવસ્થામાં મંત્ર એમ હોવો જોઈએ કે નાગરિક હંમેશા સાચો.મોદીએ કહ્યું હતું કે પારદર્શક રીતે ભરતી અને પ્રમોશનથી યુવાનોમાં આત્મવિશ્વાસ વધે છે અને આ પારદર્શિતા વધુ સારી રીતે એમને પ્રતિયોગિતામાં પ્રવેશ કરવા માટે પ્રેરિત કરે છે.

સરકાર આ દિશામાં સતત કામ કરી રહી છે.સાથે જ એમને કહ્યું હતું કે, ‘તમે બધાએ આ અનુભવ્યું જ હશે કે ભરતી પ્રક્રિયામાં ઘણા ફેરફારો થાય છે અને કેન્દ્રીય સેવાઓની ભરતી પ્રક્રિયા પહેલા કરતા વધુ કાર્યક્ષમ અને સમયબદ્ધ બની ગઈ છે. ભરતી પ્રક્રિયામાં તમે લોકો આ જે પારદર્શિતા અને ઝડપ જોઈ રહ્યા છો તે સરકારના દરેક કામમાં પણ દેખાય છે.

તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ‘કેન્દ્ર સરકાર, એનડીએ અને ભાજપ શાસિત રાજ્યોમાં પણ રોજગાર મેળાનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે અને આ રોજગાર મેળાઓ હવે અમારી સરકારની ઓળખ બની ગયા છે. આ મેળા એ દર્શાવે છે કે અમારી સરકાર જે સંકલ્પ લે છે તેને સિધ્ધ કરીને બતાવે છે. ‘

જણાવી દઈએ કે આ રોજગાર મેળામાં નિમણૂક પત્રો મેળવનાર યુવાનો દેશભરમાં અલગ અલગ સરકારી વિભાગોમાં જુનિયર એન્જિનિયર, લોકો-પાયલોટ, ટેકનિશિયન, ઈન્સ્પેક્ટર, સબ-ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ, સ્ટેનોગ્રાફર અને જુનિયર એકાઉન્ટન્ટ, ગ્રામીણ ડાક સેવક, આવકવેરા નિરીક્ષક, શિક્ષક, નર્સ, ડૉક્ટર અને સુરક્ષા અધિકારીના પદો પર નિયુક્તકરવામાં આવશે. પીએમ મોદી દ્વારા નિમણૂક પત્રો આપવામાં આવે તે પહેલાં તેમની સાથે કર્મયોગી પ્રરંભ મોડ્યુલ અંગેના તેમના અનુભવો શેર કર્યા હતા અને એ સાથે જ કેટલાક યુવાનોએ વડાપ્રધાનને તેમના સંઘર્ષ અને અનુભવો પણ જણાવ્યા હતા. ગયા વર્ષે નવેમ્બરમાં આયોજિત રોજગાર મેળા દરમિયાન વિવિધ પોસ્ટ પર પસંદગી પામેલા ૭૧ હજાર યુવાનોને તેમના નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા અને એ અગાઉ રોજગાર મેળા દ્વારા ૭૫ હજાર જેટલા નવા લોકોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા.



# મુસ્લિમોમાં હલાલા અને એકથી વધુ લગ્ન કરવા ફપર પ્રતિબંધ લાગે તેવી સંભાવના ?

## મુસ્લિમોમાં નિકાહ હલાલા અને ચાર લગ્નની પ્રથા સામે દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીઓની સુનાવણી માટે બંધારણીય બેંચની નવેસરથી રચના કરવામાં આવશે

નવીદિલ્હી,તા.૨૦

મુસ્લિમોમાં ટ્રિપલ તલાકની દુષ્ટ પ્રથા પર પ્રતિબંધ મૂક્યા બાદ હવે નિકાહ હલાલા અને બહુપત્નીત્વનો મામલો પણ સુપ્રીમ કોર્ટમાં વિચારણા હેઠળ છે. કોર્ટે આજે કહ્યું છે કે તે ટૂંક સમયમાં આ મામલાઓ પર ફરીથી સુનાવણી કરવા માટે ૫ સભ્યોની બંધારણીય બેંચની રચના કરશે. આ મામલો પણ ૨૦૧૮થી કોર્ટમાં પેન્ડિંગ છે, પરંતુ હવે સુનાવણીમાં ઝડપ આવે તેવી શક્યતા છે. આ બેન્ચના કેટલાક જજો વચ્ચે વચ્ચે નિવૃત્ત થઈ ગયા હતા. એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની વિનંતી પર સીજેઆઇ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ખંડપીઠે નવી ૫ સભ્યોની બંધારણીય બેંચની રચના કરવાની વાત કહી છે.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે તે મુસ્લિમોમાં બહુપત્નીત્વ અને નિકાહ હલાલાની પ્રથાને પડકારતી અરજીઓની સુનાવણી માટે પાંચ જજોની બંધારણીય બેંચની રચના કરશે. અરજીમાં મુસ્લિમોની આ પ્રથાઓની બંધારણીય માન્યતાને પડકારવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ પીએસ નરસિમ્હાની અધ્યક્ષતાવાળી બેન્ચે એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની વિનંતી પર સંજ્ઞાન લીધું છે.

ઉપાધ્યાયે આ મામલે જાહેર હિતની અરજી પણ દાખલ કરી છે. તેમણે કોર્ટ પાસે માંગ કરી હતી કે કારણ કે અગાઉની ૫ સભ્યોની બંધારણીય બેંચના બે જજ જસ્ટિસ ઈન્દિરા બેનર્જી અને જસ્ટિસ હેમંત ગુપ્તા નિવૃત્ત થઈ ગયા છે. તેથી નવી પાંચ સભ્યોની બેંચની રચના કરવાની જરૂર છે.

સીજેઆઇ ચંદ્રચુડે કહ્યું, ‘પાંચ જજની બેન્ચ સમક્ષ ખૂબ જ મહત્વપૂર્ણ મામલા પેન્ડિંગ છે. અમે એક રચના કરીશું અને આ મુદ્દાને ધ્યાનમાં લઈશું. ઉપાધ્યાયે ગયા વર્ષે ૨ નવેમ્બરે જ કોર્ટ સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો. ગયા વર્ષે ૩૦ ઓગસ્ટે જસ્ટિસ ઈન્દિરા બેનર્જી, જસ્ટિસ હેમંત ગુપ્તા, જસ્ટિસ સૂર્યકાન્ત, જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ સુધાંશુ ધૂલિયાની પાંચ સભ્યોની બેંચે નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન,નેશનલ કમિશન ફોર વુમનનો ઉલ્લેખ કર્યો હતો. આ મામલે દાખલ કરવામાં આવેલી પીઆઈએલ. અને રાષ્ટ્રીય લઘુમતી આયોગ (એનસીએમ) ને પક્ષકાર બનાવતી વખતે તેમનો જવાબ માંગ્યો હતો.બાદમાં જસ્ટિસ બેનર્જી ગયા વર્ષે ૨૩ સપ્ટેમ્બરે અને જસ્ટિસ ગુપ્તા ૧૬ ઓક્ટોબરે નિવૃત્ત થયા હતા. આ પછી, મુસ્લિમોમાં બહુપત્નીત્વ અને નિકાહ હલાલાની પ્રથા વિરુદ્ધ ઓછામાં ઓછી ૮ અરજીઓ પર સુનાવણી કરવા માટે નવી બંધારણીય બેંચની રચના કરવાની જરૂરિયાત વધી. ઉપાધ્યાયે તેમના વતી દાખલ કરેલી અરજીમાં સુપ્રીમ કોર્ટને મુસ્લિમોમાં બહુપત્નીત્વ અને નિકાહ હલાલાની પ્રથાને ગેરબંધારણીય અને ગેરકાયદેસર જાહેર કરવાની માંગ કરી છે.

બહુપત્નીત્વની પ્રથા હેઠળ, મુસ્લિમ પુરુષોને ચાર પત્નીઓ રાખવાની છૂટ છે. જ્યારે, નિકાહ હલાલા એ પરંપરા છે જેમાં જો કોઈ મુસ્લિમ મહિલા છૂટાછેડા પછી તેના પતિ સાથે ફરીથી લગ્ન કરવા માંગે છે, તો તેણે પહેલા બીજા પુરુષ સાથે લગ્ન કરવા પડશે. જ્યારે તેનો બીજો પતિ તેને તેની પત્ની તરીકે રાખ્યા પછી તેને છૂટાછેડા આપે છે, ત્યારે જ તે તેના પહેલા પતિ સાથે ફરીથી લગ્ન કરી શકે છે. મુસ્લિમોની આ પ્રથાને લઈને સવાલો ઉભા થયા છે.

સુપ્રીમ કોર્ટે જુલાઈ ૨૦૧૮માં જ આ અરજીઓને સુનાવણી માટે સ્વીકારી હતી અને અન્ય પેન્ડિંગ કેસોની સુનાવણી કરતી બંધારણીય બેંચને મોકલી હતી. અગાઉ મુસ્લિમોમાં ટ્રિપલ તલાક અથવા તાત્કાલિક તલાક અથવા તલાક-એ-બિદ્દતની ખરાબ પ્રથા હતી. અનેક મહિલા સંગઠનોએ આ અંગે અવાજ ઉઠાવ્યો હતો. આખરે, સુપ્રીમ કોર્ટે ૨૨ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ તેને ગેરબંધારણીય જાહેર કરી. તેના આધારે ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ કેન્દ્ર સરકારે વટહુકમ લાવીને ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારબાદ બાદમાં સંસદના બંને ગૃહોમાંથી પસાર કરીને મુસ્લિમ મહિલા (લગ્ન સંરક્ષણનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૯ પસાર કરીને તેને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો હતો.

# જજની નિમણૂક પર કેન્દ્રને વાંધો,સરકારની નીતિઓની ટીકા પ્રમોશન રોકવાનો આધાર નથી

## સીજેઆઇ ડી વાય ચંદ્રચૂડ અને જસ્ટિસ એસ કે કોલ અને કેએમ જોસેફે ૪ દિવસ સુધી કેટલીય બેઠકો કરી

નવીદિલ્હી,તા.૨૦

જજોની નિમણૂકને લઇને કેન્દ્ર અને ન્યાયપાલિકામાં ટકરાવની વચ્ચે સુપ્રીમ કોર્ટે કોલેજિયમનું મોટું પગલું ભર્યું છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે પોતાની વેબસાઈટ પર ત્રણ પત્રો જાહેર કરી વકીલ સૌરભ કૃપાલ, સોમશેખર સુદરસન અને આર જોન સત્યનની પદોન્નતિ પર કેન્દ્ર અને ઇછઉૈંમ્ની આપત્તિઓનું ખંડન કર્યું છે. સાથે જ જીઝ્રએ આ મામલે કેન્દ્રની આપત્તિનો જવાબ પણ આપ્યો.દિલ્હી હાઈકોર્ટમાં વકીલ સૌરભ કૃપાલના નામ પર કેન્દ્રની આપત્તિના જવાબમાં કહ્યું કે જજના રૂપના સ્વરૂપમાં કૃપાલની નિમણૂકનો પ્રસ્તાવ પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે. હવે આ પ્રોસેસને જલદીમાં જલદી પૂરી કરવામાં આવે. રિપાર્ટ્સ અનુસાર સીજેઆઇ ડી વાય ચંદ્રચૂડ અને જસ્ટિસ એસ કે કોલ અને કેએમ જોસેફે ૪ દિવસ સુધી કેટલીય બેઠકો કરી. ત્યાર બાદ બધી જાણકારી જનતાની સામે લાવવાનો નિર્ણય કર્યો. વેબસાઇચ પર લેટર જાહેર કરતા પહેલાં બુધાવારે ત્રણે જજોએ કલાકો ચર્ચા કરી હતી.ત્યાર બાદ ગુરુવારે લેટર જાહેર કરતા પહેલાં તેમણે ચર્ચા કરી. બેઠકમાં એ ફેંસલો લેવામાં આવ્યો કે સુપ્રીમ કોર્ટ કોલેજિયમ વકીલ સૌરભ કૃપાલ, સોમશેખર સુદરસન અને આર જોન સત્યનની પદોન્નતિની ભલામણ ફરીથી કેન્દ્રને મોકલશે.

લાંબા સમયથી સુપ્રીમે કોલેજિયમ કેન્દ્ર સરકાર પર નિમણૂક માટે મોકલેલાં જજોનાં નામોને મંજૂરી આપવામાં મોડું કરી રહી હોવાનો આરોપ લગાવી રહી છે. ૧૬ જાન્યુઆરીએ કાયદા મંત્રી કિરણ રિજિજૂએ ઝત્નેંને પત્ર લખી કોલેજિયમમાં પોતાના પ્રતિનિધિ સામેલ કરવાની વાત કરી હતી. કેન્દ્રના વલણનો જવાબ આપવા માટે સીજેઆઇની આગેવાનીમાં કોલેજિયમે નક્કી કર્યું છે કે આ વખતે બધા મામલાને સાર્વજનિક કરવામાં આવે.ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા ડી વાય ચંદ્રચૂડ છેલ્લા કેટલાય દિવસથી કોલેજિયમની ભલામણને લઇને વિચાર કરી રહ્યા હતા. ત્યાર બાદ હાઇકોર્ટમાં જજોની નિમણૂકની ભલામણ અને સૌરભ કૃપાલ જેવા કેટલાય વકીલોનાં નામ ભલામણમાં ફરીથી મોકલવાનો ફેંસલો કર્યો છે. આ બાબતે ૧૮ જાન્યુઆરીએ ઝત્નેં, જસ્ટિસ સંજય કિશન કોલ અને જસ્ટિસ એ એમ જોસેફે ચર્ચા કરી. તો ૧૯ જાન્યુઆરીએ કોર્ટની કાર્યવાહી શરૂ થતાં પહેલાં ઝત્નેંએ આ મામલામાં ભવિષ્યમાં બનનારા મુખ્ય ન્યાયાધીશો સાથે પણ ચર્ચા કરી છે. સુપ્રીમ કોર્ટના કોલેજિયમે એક વાર ફરી સમલૈંગિક વકીલ સૌરભ કૃપાલની દિલ્હી હાઇકોર્ટના જજ બનાવવાની ભલામણ કરી હતી, પરંતુ કેન્દ્રએ તેમના નામ પર આપત્તિ દર્શાવતા કોઇ અન્ય વકીલનું નામ આપવાની વાત કરી હતી. પરંતુ હવે સીજેઆઇ કોલેજિયમ સૌરભના નામ પર મક્કમ છે.

# ભારતે મારા વિશે અફવાઓ ફેલાવી, હું ક્યારેય લાદેન અને અલજવાહિરીને મળ્યો નથી

નવીદિલ્હી,તા.૨૦

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ગ્લોબલ આતંકવાદી જાહેર કર્યા બાદ અબ્દુલ રહેમાન મક્કીએ પાકિસ્તાનની કોટ લખપત જેલમાંથી પોતાનો એક વીડિયો જાહેર કર્યો છે. મક્કીએ વીડિયામાં કહ્યું કે જે આરોપોમાં તેને ગ્લોબલ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે તે બધા ભારત સરકાર દ્વાર ફેલાવેલી અફવાઓ છે. મક્કીએ કહ્યું કે હું ક્યારેય ઓસામા બિન લાદેન કે અલકાયદાના સુપ્રીમો અયમાન અલ-જવાહિરીને મળ્યો નથી.પાકિસ્તાન લશ્કર એ તૈયબાના લીડર અબ્દુલ રહેમાન મક્કીએ આતંકી સંગઠન અલકાયદા અને ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા હોવાનો આરોપોને નકાર્યા. તેણે કહ્યું કે આ બંને આતંકી સંગઠનોની વિચારધારા તેનાથી બિલકુલ અલગ છે. કેટલાય આતંકી હુમલાના આરોપી મક્કીએ એ પણ કહ્યું કે તે અલકાયદા અને આઈએસઆઈએસ તરફથી કરવામાં આવેલા બધા હુમલાની નિંદા કરે છે.પાકિસ્તાનના બધા આતંકીઓની જેમ મક્કીએ પણ પોતાના વીડિયોમાં કાશ્મીરને ઘસેડ્યું. તેણે કહ્યું કે તે પાકિસ્તાનના કાશ્મીર લેવાયેલા સ્ટેન્ડ સાથે સંપૂર્ણ રીતે સહમત છે. પોતાને ગ્લોબલ ટેરરિસ્ટ જાહેર કરવાના ફેંસલા પર મક્કીએ યુએનએસસી પર આરોપ લગાવ્યો કે સાચી પ્રોસેસને ફોલો નથી કરવામાં આવી હતી.

# ખેલાડીઓએ હવે ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને લેખિત ફરિયાદ કરી છે

નવીદિલ્હી,તા.૨૦

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે દેશના કુસ્તી ખેલાડીઓ હટવાનું નામ નથી લઈ રહ્યા. દેશની જાણીતી ખેલાડી વિનેશ ફોગટના નેતૃત્વમાં આ ખેલાડીઓએ હવે ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને લેખિત ફરિયાદ કરી છે. આ ફરિયાદમાં વિનેશ ઉપરાંત બજરંગ પુનિયા, દીપક પુનિયા, સાક્ષી મલિક, રવિ દહિયાના નામ સામેલ છે. બ્રિજ ભૂષણ પર મહિલા ખેલાડીઓના યૌન શોષણનો આરોપ છે અને તેના વિરોધમાં દેશના જાણીતા ખેલાડીઓ છેલ્લા બે દિવસથી નવી દિલ્હીના જંતર-મંતર પર ધરણા પર બેઠા છે.આ ફરિયાદમાં લખવામાં આવ્યું છે કે,



“દેશના તમામ કુસ્તી ખેલાડીઓ વતી અમે ડબ્લ્યુએફઆઇ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કરવામાં આવેલી જાતીય સતામણીની ફરિયાદો તમારા ધ્યાન પર લાવવા માંગીએ છીએ. ઘણા યુવા ખેલાડીઓએ અમને આ અંગે ફરિયાદ કરી છે.આ પત્રમાં યૌન શોષણના આરોપો સિવાય ખેલાડીઓએ ડબ્લ્યુએફઆઇ તરફથી કોન્ટ્રાક્ટની રકમ ન મળવાના આરોપો પણ લગાવ્યા છે. તેમણે કહ્યું, “આ સિવાય ડબ્લ્યુએફઆઇ તરફથી નાણાકીય અનિયમિતતાઓ પણ થઈ છે. મહત્વની વાત એ છે કે ડબ્લ્યુએફઆઈમાં અગાઉ કોઈ કોન્ટ્રાક્ટ નહોતો, પરંતુ ભૂષણના આગમન પછી ફેડરેશને મ્ઝ્રઝ્રૈંના રસ્તે જઈ ખેલાડીઓને કોન્ટ્રાક્ટ આપ્યા હતા.આ પત્રમાં લખવામાં આવ્યું છે કે, ટોક્યો ઓલિમ્પિક બાદ વિનેશ એટલી પરેશાન હતી કે, તેના મગજમાં આત્મહત્યાનો પ્રયાસ પણ આવ્યો. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, “જયારે વિનેશ ટોક્યો ઓલિમ્પિકમાં મેડલ જીતવામાં ચૂકી ગઈ, ત્યારે ડબ્લ્યુએફઆઇ પ્રમુખે તેને માનસિક રીતે એટલી હદે પરેશાન કરી કે તેણે આત્મહત્યા કરવાનું વિચાર્યું.”પત્રમાં આગળ લખવામાં આવ્યું છે કે, ડબ્લ્યુએફઆઇ પ્રમુખ દ્વારા રાષ્ટ્રીય શિબિરમાં નિયુક્ત કોચ અને સ્પોર્ટ્સ સાયન્સ સ્ટાફ સક્ષમ ન હતા. તે લોકો માત્ર તેમના સપોર્ટ કરનાર હતા અને તેમણે રાષ્ટ્રીય શિબિરમાં ખરાબ વાતાવરણ સર્જ્યું હતું.આ પત્રમાં ખેલાડીઓએ પોતાની માંગણીઓ રાખી છે. જેમાં જણાવ્યું છેં કે અમે ઈચ્છીએ છીએ કે, ભારતીય ઓલિમ્પિક એસોસિએશન તાત્કાલિક અસરથી એક સમિતિની રચના કરે અને જાતીય સતામણીના આરોપોની તપાસ કરે.ભારતીય રેસલિંગ ફેડરેશનના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ પર યૌન શોષણ અને તાનાશાહી વલણ જેવા ગંભીર આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. ખેલાડીઓએ તેના પર ખુરશીનો અયોગ્ય લાભ લેવાનો આરોપ લગાવ્યો છે. ઓલિમ્પિયન રેસલર બજરંગ પુનિયાએ કહ્યું છે કે અમે બ્રિજભૂષણ શરણ સિંહના આગળ આવવાની રાહ જોઈ રહ્યા છીએ. અમે અમારી કારકિર્દી જોખમમાં મૂકીને અહીં આવ્યા છીએ. આ લડાઈ આપણા યુવા કુસ્તીબાજો માટે છે જે કુસ્તીનું ભવિષ્ય છે. તેમણે કહ્યું કે બજરંગ પુનિયાએ કહ્યું, પીએમ મોદી, અમિત શાહ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા વિનેશ ફોગાટ અને ટોક્યો ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા બજરંગ પુનિયાએ કહ્યું છે કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ ખેલાડીઓને પરેશાન કરે છે. તેઓ માનસિક અને શારીરિક દબાણને આધિન છે. કુસ્તીના ખેલાડીઓએ આ મામલે નિષ્પક્ષ તપાસ અને કાર્યવાહીની માંગ કરી છે.

## તંત્રી સ્થાનેથી...

# વિદેશ પલાયનથી પેદા થતા આર્થિક પડકારો

*આપણા દેશમાં એક ગજબનો વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. એક તરફ ભારતનું લ-ય ૨૦૨૭-૨૮ સુધી ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાનું છે, તો બીજી તરફ યુવા અને ત્યાં સુધી અતિ ધનિકો પણ મોટી સંખ્યામાં દેશમાંથી પલાયન કરવાની કોશિશ કરી રહ્યા છે. તેનાથી વધુ મહત્ત્વનું એ કે શું તેઓ એ સંભાવનાને લઈને ઉત્સાહિત નથી કે જ્યારે કહેવાઈ રહ્યું છે કે ભારતનો આર્થિક વૃદ્ધિ દર વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધારે રહેશે અને જલ્દી જાપાન અને જર્મનીને પછાડીને ભારતીય અર્થવ્યવસ્થા દુનિયામાં ત્રીજી સૌથી મોટી બની જશે? એ પણ ૨૦૩૦ પહેલાં, જેવું કે મોર્ગન સ્ટેન્લી દ્વારા પ્રસ્તુત ભવિષ્યવાણી દર્શાવી રહી છે. પાછલાં અનેક વર્ષોથી નીતિ-નિયંતાઓએ જેવી નીતિઓ ચલાવી, જેનાથી ગામડાંને શહેરો તરફ પલાયનને ઉત્તેજન મળતું ગયું, પરંતુ આ જૂના ચીલાને બદલે હવે યુવાઓએ પ્રવાસનો નવો રસ્તો પકડી લીધી, ગામથી સીધા વિદેશ!*

*ભારતથી માત્ર યુવાનો જ નહીં, અતિ ધનાઢ્યો પણ મોટી સંખ્યામાં ભારતીય નાગરિકતા છોડીને વિદેશમાં વસવાની તકો શોધી રહ્યા છે. આ અતિ ધનાઢ્ય એ છે જેમની પાસે રોકાણ માટે ૧૦ લાખ ડોલરથી વધારેની તો માત્ર રોકડ જ છે. સંસદને જણાવામાં આવ્યું કે ૨૦૧૧ બાદથી ૧૬ લાખથી વધુ અમીરોએ ભારતીય નાગરિકતા છોડી છે, તેમાં ગયા વર્ષની ૧,૮૩,૭૪૧ની સંખ્યા સામેલ છે. ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ હાલમાં જ સંસદમાં કહ્યું હતું કે ૨૦૧૪-૨૨ વચ્ચે નવ વર્ષમાં ૧૨.૫-૧૫ લાખ લોકોને ભારતીય નાગરિકતા છોડી છે. જ્યારે વિકસિત દેશોએ અતિ-ધનાઢ્યો માટે રોકાણકાર શ્રેણી અંતર્ગત પોતાની સીધી નાગરિકતા આપવાનો રસ્તો ખોલ્યો તો ભારતથી ધીમે ધીમે અને વધુ ગણતરીમાં અમીર લોકો બહેતર રહેણીકરણી અને કામધંધાના માહોલ માટે વિદેશ જઈને વસવા લાગ્યા. આ વર્ગના પરિવારો બહાર જવાથી આપણી ઘરેલુ અર્થવ્યવસ્થાને થયેલું નુકસાન વિદેશી રાષ્ટ્રો માટે ફાયદેમંદ બની ગયું.*

*વિદેશ જનારા પ્રત્યેક વિદ્યાર્થીને આશા રહે છે કે આગળ જઈને તેને ત્યાં સ્થાયી થઈ જવાની પરવાનગી મળી જશે. એક બહેતર રહેણીકરણી, ઊંચો પગાર અને ઉચ્ચ દરજ્જાની સામાજિક સુરક્ષા વગેરે એ અવયવ છે, જે છાત્રોને વિદેશ જવા લાલચ લગાવે છે. છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાત, પંજાબ અને કેરળ જેવાં રાજ્યોથી કુશળ શ્રમિકોનો પ્રવાહ વિદેશો તરફ વળ્યો છે. એકલા પંજાબથી લગભગ ૧.૫ લાખ વિદ્યાર્થી દર વર્ષે વિદેશ જઈ રહ્યા છે, કેરળથી આ સંખ્યા લગભગ ૩૫૦૦૦ છે. વિદેશમાં ભણવા માટે પહેલી પ્રાથમિકતા કેનેડા, અમેરિકા, યુકે, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, ઈટલી અને ન્યૂઝિલેન્ડને છે. જે બાળકો ત્યાં પ્રવેશ મેળવવામાં સફળ નથી થઈ શકતા તે રશિયા, જ્યોર્જિયા, લાત્વિયા, બેલારુસ અને ઉઝબેકિસ્તાન જેવા અનેક પૂર્વ યુરોપીયન દેશો તરફ વળે છે.*

*હવે તેને 'બ્રેન ડ્રેન' કહો, પરંતુ ભણવા માટે વિદેશ જવાની હોડથી જવાન પેઢીની હાજરીમાં ઘટાડો થઈ રહ્યો છે. આ દર પર, વહેલી તકે એવાં રાજ્યો 'વૃદ્ધાશ્રમ'માં તબદીલ થઈ જશે. આર્થિક ભાષામાં કહીએ તો તેનાથી ઘરેલુ માંગ પર અસર પડશે. આપણી શિક્ષણ પ્રણાલીમાં વ્યાપ્ત ખામીઓ અને રોજગાર સર્જનને ઉત્તેજન આપવાની નિષ્ફળતા કઈ રીતે સમગ્ર વિકાસ મેળવવામાં બહુ મોટું અંતર પેદા કરી દે છે, એના પર આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને લેખ લખ્યો છે. તેમાં તેમણે રાષ્ટ્રીય પરિવાર અને સ્વાસ્થ્ય સર્વેનો હવાલો આપતાં કહ્યું છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૯-૨૧ વચ્ચે, પાંચ વર્ષોમાં, એક ખેડૂતની માલિકીની જમીનમાં સરેરાશ ૨૨ ટકાનો ઘટાડો થયો છે. નાના ખેડૂતની જમીન પણ ૮.૫ ટકા વાર્ષિક દરે ઘટી છે. જોકે આ ડેટા સીધું તો કશું નથી કહેતો, પરંતુ અનુમાન લગાવી શકાય કે મોટાભાગના કિસ્સામાં આ જમીનો પર બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ મોકલવા લોન લેવાઈ હશે!*

## પાકિસ્તાનમાં શરદી-ઉધરસની દવાની પણ સર્જાશે અછતઃ ફાર્મા કંપનીઓ પાસે માત્ર ૨ દિવસનો જ સ્ટોક

ઈસ્લામાબાદ,તા.૨૦

પાડોશી દેશ પાકિસ્તાનની આર્થિક હાલત ખૂબ જ કફોડી થતી જોવા મળી રહી છે. વીજળી, ગેસ, ઘઉ-લોટ અને રોજબરોજના સામાનની કટોકટી બાદ હવે ત્યાં દવાઓનું પણ સંકટ ઉભું થયું છે કારણ કે પાકિસ્તાન પાસે દવાઓના ઉત્પાદન માટે માત્ર બે દિવસનો કાચો માલ બચ્યો છે. મળતી માહિતી મુજબ પાકિસ્તાનના ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચર્સ એસોસિએશને આ સંકટની ચેતવણી આપી હતી અને આવી ગંભીર સ્થિતિ માટે કેન્દ્રીય બેન્કના ગવર્નર અને નાણા મંત્રીની ટીકા કરી હતી.

સેનેટ સ્ટેન્ડિંગ કમિટી ઓન ફાઈનાન્સની બેઠકમાં પાકિસ્તાન ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચર્સ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરનારા અરશદ મલિકે જણાવ્યું હતું કે ફાર્મા ઉદ્યોગ પાસે ૨ મહિનાનો ઈન્વેન્ટરી સ્ટોક હતો જે હવે લગભગ ખલાસ થઈ ગયો છે.

પાકિસ્તાનમાં આવી સ્થિતિ ત્યારે સામે આવી જ્યારે કેન્દ્રીય બેન્કે કાચા માલની આયાત માટે ફાર્માસ્યુટીકલ ઉદ્યોગને નવા સંમતિ પત્રો જારી આપવાનો ઈનકાર કર્યો હતો. આવામાં નાણા મંત્રાલય અને કોમર્શિયલ બેન્કો પાસેથી મદદ માંગ્યા બાદ પણ કોઈ મદદ મળી નથી. હવે ફાર્મા કંપનીઓએ દવાઓની સપ્લાઈ ચેઈન તૂટતી અટકાવવા માટે પાકિસ્તાની સાંસદો પાસે તાત્કાલિક મદદ માંગી છે.

રહ્યા છે
મહોબ્બતનું મકાન,
પડું પડું થઈ રહ્યું છે.
દુબળી દીલી દુકાન,
ઉઠું ઉઠું થઇ રહી છે.
સખીના નશીલા નયન ,
રડું રડું થઇ રહ્યા છે.
અનભિજ્ઞનતાના ધન,
જડું જડું થઇ રહ્યા છે!
લાગણીના લશ્કરો,
લડું લડું થઇ રહ્યા છે!!
ભરત વૈષ્ણવ
૨૦.૧.૨૦૨૨.# કાવ્ય

## ૨૦૨૦ માં કચ્છ ના સફેદ રણમાં સફળતા પુર્વક "ફિલ્મ એક્સેલેન્સ એવોર્ડ ગુજરાતી" યોજ્યા પછી..

# ગુજરાતી ફિલ્મ ફ્રેટરનીટી નો આજ સુધીનો સૌથી મોટો ધડાકો..

આગામી "ફિલ્મ એક્સેલેન્સ એવોર્ડ ગુજરાતી ૨૦૨૧ - ૨૦૨૨ નું ૧૮, ૧૯, ૨૦ માર્ચ ૨૦૨૩ દરમ્યાન દબદબાભેર મેગા આયોજન દુબઈ ખાતે કરવાની સૌથી મોટી જાહેરાત..

તીહાઇ ધ મ્યુઝીક પીપલ ના અભિલાષ ઘોડા અને પાવરા એન્ટરટાઇનમેન્ટ ના ડો. જયેશ પાવરા આ આખા મેગા પ્રોજેક્ટ નું સંયુક્ત રીતે આયોજન કરશે..

ગુજરાતી ફિલ્મો ના સૌથી મોટા, સૌથી પહેલા આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારંભ નો દાવો..

અમારી હરીફાઈ કોઇપણ પ્રાદેશિક એવોર્ડ સાથે નહીં : આયોજકો

આવનાર પ્રત્યેક ને પુરૂં સન્માન એ જ અમારી પ્રાથમિકતા : આયોજકો

ગુજરાત અને મુંબઈ થી ૩૦૦ સેલિબ્રિટીઓ ને દુબઈ લઇ જવાનું ભવ્ય આયોજન..

૧ જાન્યુઆરી ૨૦૨૧ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૨ વચ્ચે રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મો ના નિર્માતા ઓ આજથી ઓનલાઇન ફોર્મ ભરી શકશે..

ફોર્મ સબમિટ કરવાની અંત્તિમ તારીખ ૨૮ જાન્યુઆરી સાંજે ૬ વાગ્યા સુધી..

ગઈ રાત્રે લોખંડવાલા કોમ્પ્લેક્ષ, અંધેરી વેસ્ટ, મુંબઈ ની સેલિબ્રેશન સ્પોર્ટ્સ ક્લબ ખાતે બોલીવુડ ના દિગ્ગજ કલાકારો સહિત ગુજરાતી મનોરંજન જગતની અનેક નામી હસ્તીઓ ઉપસ્થિત રહી.

આગામી ૧૯ ફેબ્રુઆરી એ અમદાવાદ થી નોમિનેશન્સ જાહેર કરવામાં આવશે..

ગુજરાતી ફિલ્મ ફ્રેટરનીટી માં ભારે ઉત્સાહ નું વાતાવરણ

બોલીવુડ ના અનેક દિગ્ગજો એ આ જાહેરાત ને વધાવી શુભેચ્છાઓ પાઠવી..

પ્રથમ વર્ષે એવોર્ડ દરમ્યાન અદભુત મેનેજમેન્ટ અને હોસ્પીટાલીટી થી પ્રેરાઈ ને ગુજરાતી ફિલ્મ ફ્રેટરનીટી ના અનેક દિગ્ગજો આ એવોર્ડ માં પોતાની ફિલ્મ આપવા તૈયાર...

વર્ષ ૨૦૨૦ માં કચ્છના સફેદ રણમાં ગુજરાત ટુરિઝમ અને રણોત્સવ ના સહયોગથી યોજાયેલા ગુજરાતી ફિલ્મો ના ★"ફિલ્મ એક્સેલેન્સ એવોર્ડ ગુજરાતી ૨૦૧૯ - ૨૦૨૦"★ ઘણાને યાદ જ હશે..

ફરી એકવાર "ફિલ્મ એક્સેલેન્સ એવોર્ડ ગુજરાતી ૨૦૨૧ - ૨૦૨૨" નું ભવ્યાતિભવ્ય આયોજન આગામી ૧૯ માર્ચે દુબઈ ખાતે કરવાની જાહેરાત આજે મુંબઈ ની પ્રતિષ્ઠિત સેલિબ્રેશન સ્પોર્ટ્સ ક્લબ ખાતે બોલીવુડ અને ગુજરાતી મનોરંજન જગતના દિગ્ગજો ની વિશેષ ઉપસ્થિતિમાં તીહાઇ ધ મ્યુઝીક પીપલ તથા પાવરા એન્ટરટાઇનમેન્ટ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી..

આ જાહેરાત માટે ખાસ નિમંત્રીતો ની હાજરીમાં યોજાયેલા એક મેગા કાર્યક્રમ માં સંપૂર્ણ આયોજનની બારીકાઈથી વિગતો તીહાઇ ધ મ્યુઝીક પીપલ ના અભિલાષ ઘોડા તથા પાવરા એન્ટરટાઇનમેન્ટ ના ડો. જયેશ પાવરા એ સંયુક્ત રીતે આપી હતી..

તેઓએ જણાવ્યું હતુ કે, ગુજરાતી ફિલ્મો ને વધુ ઉંચાઈ પર લઇ જવાના ઈરાદા સાથે અમે ૨૦૨૦ માં ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ ના ઈતિહાસ માં પ્રથમ વખત ડેસ્ટીનેશન એવોર્ડ નું દબદબાભેર આયોજન કચ્છ ના સફેદ રણમાં કર્યું ત્યારે મનોરંજન જગતના અનેક નામી લોકો ખાસ ઉપસ્થિત રહેલા. હવે અમે વધુ મોટી છલાંગ મારવા સંપુર્ણ પણે કટીબદ્ધ છીએ. હવે અમે જ અમારો વિક્રમ તોડી આખું આયોજન દુબઈ ખાતે કરવા જઇ રહ્યા છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ એવોર્ડ માં પોતાની ફિલ્મ મુકવા માંગતા નિર્માતા શ્રીઓ માટે આજથી અમે એક ઓનલાઇન ફોર્મ મુકી રહ્યા છીએ. જેની સમય મર્યાદા આગામી તારીખ ૨૮ જાન્યુઆરી ૨૦૨૩ સાંજે ૬ વાગ્યા સુધી નક્કી કરવામાં આવી છે.

તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૧ થી શરૂ કરીને તારીખ ૩૧ ડીસેમ્બર ૨૦૨૨ વચ્ચે રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મો ના નિર્માતાશ્રી ઓ નિયત ઓનલાઇન ફોર્મ ભરી તેમની ફિલ્મ ની એન્ટ્રી આ એવોર્ડ માટે આપી શકે છે.

અમારી નિયત અને તટસ્થ જ્યુરી દ્વારા અમને મળેલી તમામ ગુજરાતી ફિલ્મો નું ખાસ સ્ક્રીનીંગ કરી પ્રત્યેક કેટેગરીમાં કુલ ત્રણ ત્રણ નોમીનેશન નક્કી કરવામાં આવશે. કુલ ૨૮ કેટેગરીમાં અપાનાર આ ખાસ એવોર્ડ માટેના નોમીનેશન ની જાહેરાત આગામી તારીખ ૧૨ ફેબ્રુઆરી એ અમદાવાદ ખાતેથી કરવામાં આવશે.નોમીનેશન માં આવેલ નામો સહિત બોલીવુડ તથા ગુજરાતી મનોરંજન જગતના દિગ્ગજો, પ્રાયોજકો ના પ્રતિનિધિઓ સહિત પસંદગીના અંદાજીત ૩૦૦ લોકોને આયોજકો દ્વારા આગામી તારીખ ૧૮ માર્ચે દુબઈ લઈ જવામાં આવશે. તારીખ ૧૯ માર્ચના રોજ દુબઈ ના અતિ પ્રતિષ્ઠિત બોલીવુડ પાર્ક ખાતે બીજા ફિલ્મ એક્સેલેન્સ એવોર્ડ ગુજરાતી ૨૦૨૧ - ૨૦૨૨ નું આયોજન ભારતથી દુબઈ ગયેલા ખાસ મહેમાનો તથા દુબઈ સ્થિત ખાસ આમંત્રીતો ની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવશે.તીહાઇ ધ મ્યુઝીક પીપલ તથા પાવરા એન્ટરટાઇનમેન્ટ સાથે દુબઈ ની સ્થાનિક વ્યવસ્થા ની જવાબદારી ડીવાઈન ઈવેન્ટ ના વ્યાપ્તિ જોષી તથા પ્રશાંત જોષી સંભાળી રહ્યા છે.

નામી કલાકારો ના વિવિધ પરફોર્મન્સ દ્વારા આ સમારંભ વધુ દિપી ઉઠે તેવું સુંદર આયોજન આયોજકો દ્વારા કરવામાં આવ્યું છે.

ગઈ રાત્રે યોજવામાં આવેલા ભવ્ય સમારંભ માં પેનોરામા સ્ટુડિયો ના શ્રી કુમાર મંગલ પાઠક, વીતેલા જમાનાની તિરંગા સહિત અનેક સુપરહિટ ફિલ્મો ના દિગ્દર્શક શ્રી મેહુલ કુમાર, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ના નિર્માતા શ્રી આસીત મોદી, બોલીવુડ ની જાણીતી અભિનેત્રી રશ્મિ દેસાઈ, ટ્રાન્સમીડીયા ના શ્રી જસ્મીનભાઈ શાહ, મુંબઈ સમાચાર ના શ્રી નિલેશ દવે, બોલીવુડ ના જાણીતા લેખક દિગ્દર્શક શ્રી સંજય છેલ, જાણીતા લેખીકા વકતા કાજલ ઓઝા વૈદ્ય, ગુજરાતી ફિલ્મો ના જાણીતા કલાકારો હીતેન કુમાર, હીતુ કનોડિયા, ધર્મેશ વ્યાસ, સંજય ગોરડિયા,ઓજસ રાવલ, હેમાંગ દવે, આકાશ ઝાલા, પ્રિનલ ઓબેરોય, આનંદી ત્રીપાઠી, મેહુલ બૂચ, ભાવિની ગાંધી, ઈશા કંસારા, સિધ્ધાર્થ અમીત ભાવસાર, પાર્થ ભરત ઠક્કર સહિત અનેક હસ્તીઓ ઉપસ્થિત રહી હતી.બોલીવુડ માંથી કોણ કોણ આવે તેમ છે ??? તેવા એક સવાલ ના જવાબ માં બન્ને આયોજકો અભિલાષ ઘોડા તથા ડો. જયેશ પાવરા એ જણાવ્યું હતું કે, બોલીવુડ તથા ગુજરાતી મનોરંજન જગતના ના જાણીતા નામો જેવા કે શર્મન જોશી, જ્હોની લીવર, ચંકી પાંડે, રશ્મિ દેસાઈ, મનોજ જોષી, જેકી શ્રોફ, અમીષા પટેલ, ટીકુ તલસાણીયા, ભુમી ત્રીવેદી, પાર્થિવ ગોહિલ, માનસી ગોહિલ, સિધ્ધાર્થ રાંદેરિયા, મનહર ઉધાસ, હીમેશ રેશમીયા, સચિન - જીગર, કીર્તિ સાગઠીયા, ઈસ્માઈલ દરબાર, સંજય ગોરડિયા, આનંદ પંડીત, યશ સોની, હીતુ કનોડિયા, હીતેન કુમાર, ધર્મેશ વ્યાસ, મલ્હાર ઠાકર, પુજા જોષી, ભરત ચાવડા, ઓજસ રાવલ, હેમાંગ દવે, આકાશ ઝાલા, ચેતન દૈયા, રાગી જાની, દેવકી, જમનાદાસ મજીઠીયા ( જે.ડી. ), પ્રિનલ ઓબેરોય, રોનક કામદાર, દિક્ષા જોષી, સિધ્ધાર્થ અમીત ભાવસાર, ઈશા કંસારા, સહિત અનેક નામી લોકોને અમે નિમંત્રણ મોકલી રહ્યા છીએ. આ સમગ્ર શો નું પ્રસારણ પણ પ્રતિષ્ઠિત ચેનલ પરથી થાય તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જે રીતે ગુજરાતી ફિલ્મો નું સ્તર ખુબ ઉપર ગયું છે તે જ રીતે ગુજરાતી ફિલ્મો ને લગતી ઈવેન્ટ નું સ્તર પણ ખુબ ઉપર જાય અને સૌથી મોટા એવોર્ડ નું બીરૂદ પણ અમે આપીએ તેના કરતાં ઉપસ્થિત લોકો જ આપે તેમ આયોજકો ની લાગણી છે..

# દહેજ ભૂખ્યા વિકૃત વરને ગુજરાતી સિનેમામાં વિલનનો રોલ આપો

ગિરધરભાઇ.કંકુ કન્યા એટલે શું ?''રાજુએ મને વોર્મઅપ મેચ કે નેટમાં પ્રેકટિસ જેવો સવાલ કર્યો.

" રાજુ. કોઇ ગરીબ પરિવારની કન્યા સાથે અખંડ વાંઢપ તોડવાનો કારસો રચ્યો છે કે શું? ટીજીબીમાં પાર્ટી આપવી પડશે.'' મેં રાજુની નબળી નસ પર જોરથી અંગુઠો મુકયો.

"ગિરધરભાઇ. લાંઠી કરી લો. તમારો વારો છે. તમે પણ મારા જેવું વેઠ્યું હશે કે નહીં?'' રાજુએ સવાલ ઉડાડવાની કોશિશ કરી.

" રાજુ. કંકુ-કન્યા એ સમાજની નરી અને વરવી હિપોક્રેસી છે. તમે કોઇની કન્યાને દહેજ વગર પહેરેલ કપડે કંકુના પડાની કિંમતનું મૂલ્ય પણ ન લો અને છોકરી સાથે પરણો એ કંકુ કન્યા કહેવાય. !!આવી વ્યકિત કે પરિવાર વિરલ કે રેર હોય છે! જો મળી આવે તેને દુર્લભ જાતિ ગણી તેના માટે અભયારણ્ય જાહેર કરવું પડે.'' મેં રાજુને કહ્યું .

" ગિરધરભાઇ ઘરમાં ચિક્કાર પૈસો હોય, લેટેસ્ટ મોડેલની કાર હોય, આધુનિક ગેઝેટસ હોય તો પણ લોકો દહેજ કેમ માંગતા હશે? દહેજના દૈત્યના ખપ્પરમાં કોડીલી કન્યા અને તેના માવતર હોમાઈ જાય છે. જેમ વધારે શિક્ષણ સમાજમાં પોઝીશન તે પ્રમાણે દહેજનો દર કે માંગ બુલંદ થાય છે.

અમુક જાતિ અને રાજ્યમાં સરકારી નોકરી હોય તેવા ચપરાસીથી લઇને સનદી મૂરતિયો માટેના રેટ કાર્ડ છે. મકાન બાંધકામ માટે એસઓઆર હોય છે. સામાન્ય રીતે દીકરીના લગ્ન સમયે માતાપિતા ત્રેવડ મુજબ દહેજ આપે છે. દહેજ આપવા આર્થિક સગવડ ન હોય તો દેવું કરીને પણ દહેજ આપે છે. બાકીની જીંદગી શરાફને હપ્તા ચુકવે છે. એક થી વધુ દીકરીના માબાપ માટે દીકરીના લગ્ન માટે કયાંથી વેંત કરવો તેની મુઝવણ રહે છે. દીકરીને લગ્ન સમયે દહેજ આપ્યા પછી પણ પ્રસંગોપાત્ત દહેજ આપવું પડે છે!! ઠાઠિયા સ્કૂટરમાં ફરનારો પાછો મર્સિડિઝ બેન્ઝ માંગે છે. કેબલ કનેકશનનો દર મહિનાનો ચાર્જ ભરવાના ફાંફા હોય અને પાછો પંચાવન ઈંચનું એનરોઇડ ટીવી માંગે !! તારા બાવડામાં બળ કે કૌવત પ્રમાણે તારી કમાણીમાંથી વસ્તુ વસાવને!! દીકરીના માબાપને કામધેનુ સમજી કયાં લગી દોહ્યા કરીશ? બિચારાના મોઢે ફીણ આવી ગયા છે તેનો તો વિચાર કર??'' રાજુ રદીએ ડહાપણની વાત કરી.

"રાજુ. કેટલીક વીરાંગના લગ્નના માર્યા કે ચોરીમાં દહેજ ભૂખ્યા મૂરતિયા-પરિવારને દહેજ પેટે કાણી પાઈ ન ચુકવવાનો યશસ્વી અને ઓજસ્વી નિર્ણય લઇ મુરતિયાનો ફજેતફાળકો કરીને લીલા- કાળો તોરણે જાન પરત મોકલે છે'' મે રાજુને અપવાદરૂપ જુજ ઘટના જણાવી.

"ગિરધરભાઇ .વહુના પિયરિયા પાસે લગ્ન પછી મકાન, દુકાન, વાહન , દાગીના ખરીદવા દહેજની માંગણી કરવામાં આવે. વિદેશ ભણવા પૈસા માંગે અને અભ્યાસ પૂરો થાય પછી ત્યાંની છોકરી સાથે લગ્ન કરી દહેજ આપનારને રખડાવી દે છે. કેટલીય નારીઓ દહેજ માટેના અસહ્ય અને અમાનુષી ત્રાસ સહન કરતા મોતનો મીઠું કરે છે!!'' રાજુએ નગ્ન સત્ય રજૂ કર્યું.

" રાજુ. દહેજની તાજેતરની ફરિયાદોમાં એક ફરિયાદ મુજબ દહેજમાં ૩ લાખ રૂપિયા લીધા બાદ પણ શારિરીક-માનસિક ત્રાસ ગુજારનાર શોર્ટ ફિલ્મ ડાયરેક્ટર પતિ અને મહારાષ્ટ્ર પુણેમાં નએનજીઓ ચલાવનાર સાસુ સહિત ૬ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઇ છે.યુવતીને પતિ, સાસુ-સસરા, માસી સાસુ અને માસા સસરા તમે ભંગાર ઝુંપડપટ્ટી વાળા છો કહી અપમાનીત કરતા હતા.બીજી ફરિયાદ મુજબ વકીલની દત્તક પુત્રીને પોતે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે તેવી વાતો કરી પ્રેમજાળમાં ફસાવી લગ્ન કર્યા બાદ રહેવા માટે ભાડાના ફ્લેટથી લઇ કાર અપાવવા અને જીવન નિર્વાહનો ખર્ચ ચુકવવા તથા બ્યુટી સ્પાનો ધંધો શરૂ કરી આપવા છતા પણ દહેજની લાલચ નહીં સંતોષાતા શારિરીક-માનસિક ત્રાસ ગુજારનાર પતિ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.'' મેં કહ્યું.

" ગિરધરભાઇ. ગાંધીનગરની યુવતીને એક યુવક સાથે સોશિયલ મિડીયા થકી પ્રેમ થયો. પહેલાં અદાલતમાં લગ્ન કર્યા. પછી પરિવારની સંમતિ બાદ પરંપરાગત લગ્ન કર્યા. યુવતીના પરિવારે ગજા મુજબ કરિયાવર( સાદી ભાષામાં દહેજ) આપ્યો. યુવતીના પિતાજી ફિલ્મલાઇનમાં હતા. એટલે પેલાની દાઢ ડળકી.ભિખારી પતિએ પત્નીને ફોર્સ કર્યો કે તારા પિતાજી અને મારા શ્વસુરને કહે કે મને ગુજરાતી ફિલ્મમાં હીરોનો રોલ આપવાનું કહે ! પછી કાંઇ વાત આગળ ન વધી એ તો ભગવાન જાણે !!'' રાજુએ ન્યુઝ પેપર રીપોર્ટિંગ કર્યું.

" રાજુ. આ માણસ તને કેવો લાગે છે?'' મેં સવાલ કર્યો.

"ગિરધરભાઇ. એક નંબરને ડામિસ, છટા હુએ બદમાશ હૈ. લાલચી, લોભી, ક્રૂર, ઘાતકી, સ્વાર્થી પતિના નામ પર કલંક છે. ગુલશન ગ્રોવર જેવો બેડમેન છે. મોગેમ્બો જેવો જાલિમ છે. ડોકટર ડેન્ગ જેવો ક્રૂર છે. રણજિત જેવો હલકટ છે.

સદાશિવ અમરાપુરકર જેવો નિર્વીર્ય, હતવીર્ય અને નપુંસક છે. અમજદખાન જેવો ઘાત્તકી છે. શાનના શાકાલ જેવો શાતિર છે.એબોવ ઓલ ટાઇમ હીટ વિલન અજીત જેવો નિર્દય છે!!પૃથ્વી પર ભાર છેપ..,,!!''

" તો તો આવી વ્યકિતને હીરો, સાઇડ હીરો કે ચરિત્ર અભિનેતા નહીં પણ વિલનના રોલ આપી દેવાનો. તેની પત્નીને હીરોનો રોલ આપી તેના વિકૃત વરને ઠમઠોરવાની ભૂમિકા આપવાની.'' મેં કાસ્ટ ડાયરેકટર તરીકે રોલની ફાળવણી કરી.

રાજુ રદીએ તાળીઓના ગડગડાટ સાથે મારી વાત વધાવી લીધી!!!

ભરત વૈષ્ણવ
૨૦.૧.૨૦૨૨.ઈ હાસ્ય

## વિક્લી માર્કેટ રિપોર્ટ

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૯૪ની વૃદ્ધિઃ ચાંદીમાં રૂ.૨૮૪નો ઘટાડોઃ ક્રૂડ તેલ રૂ.૧૪૪ વધ્યું

**નેચરલ ગેસ, મેન્થા તેલમાં નરમાઈઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૭,૮૩૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨,૦૨,૮૨૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૨૩ કરોડનાં કામકાજ**




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૩થી ૧૯ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન ૩૮,૭૩,૨૩૯ સોદાઓમાં કુલ રૂ.૩,૦૦,૯૭૩.૪૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૭,૮૩૦.૮૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨,૦૨,૮૧૯.૭૧ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૬,૩૦૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬,૫૮૮ અને નીચામાં રૂ.૫૬,૧૨૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૯૪ની વૃદ્ધિ સાથે રૂ.૫૬,૫૪૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૯૪ વધી રૂ.૪૫,૨૦૯ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૪ વધી રૂ.૫,૫૫૯ના ભાવે પહોંચ્યો હતો.

સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૨૮૯ના ભાવે ખૂલી, રૂ.૧૩૭ વધી રૂ.૫૬,૪૪૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૭૧૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૦,૦૭૭ અને નીચામાં રૂ.૬૭,૪૨૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૮૪ના ભાવઘટાડા સાથે રૂ.૬૮,૩૫૯ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૫૧ ઘટી રૂ.૬૮,૪૨૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૬૮ ઘટી રૂ.૬૮,૪૦૭ બંધ થયો હતો. સપ્તાહ દરમિયાન, સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯,૨૭,૮૫૩ સોદાઓમાં કુલ રૂ.૫૨,૯૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૧૫,૦૬૪ સોદાઓમાં રૂ.૧૯,૫૭૭.૨૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૫૦ વધી રૂ.૨૨૦.૧૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૧૨.૮૦ વધી રૂ.૨૯૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫.૯૫ વધી રૂ.૭૭૫.૨૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૧૮૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૩૭૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૬૯૭ અને નીચામાં રૂ.૬,૩૫૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૪૪ વધી રૂ.૬,૫૩૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૫.૩૦ ઘટી રૂ.૨૬૮.૮૦ બંધ થયો હતો. સપ્તાહ દરમિયાન એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪,૯૩,૯૧૨ સોદાઓમાં કુલ રૂ.૨૫,૨૧૪.૯૬ કરોડનો ધંધો થયો હતો.કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૮૫૪ સોદાઓમાં રૂ.૮૧.૫૭ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૦.૪૦ ઘટી રૂ.૧૦૧૯ થયો હતો. કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૧,૬૯૪.૯૨ કરોડનાં ૩૮,૪૬૯.૦૯૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૧,૨૬૨.૦૮ કરોડનાં ૪,૫૩૦.૨૫૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯,૯૫૨.૧૧ કરોડનાં ૧,૫૨,૫૯,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૫,૨૬૩ કરોડનાં ૫૩૨૬૪૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૮૧.૫૭ કરોડનાં ૭૮૩.૭૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૧૧૩.૮૯૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૫૫.૦૫૫ ટન, ક્રૂડ તેલમાં ૪૯૫૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૩૭૬૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૮૨.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૩૨૨.૯૨ કરોડનાં ૪,૧૩૧ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૫૪૭ના સ્તરે ખૂલી, ૧૦૮ પોઈન્ટ વધી ૧૫,૬૩૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨,૦૨,૮૧૯.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨,૨૦૪.૪૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૯૩.૧૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૮,૧૬૬.૭૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦,૭૧૯.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS 140***

★વિષય : ઘર પરિવાર★ ★અને★લગ્નજીવન★

★પ્રકાર : ગદ્ય★

★શિર્ષક : વસુધૈવ★ ★કુટુંબકમ્★

★મનુષ્ય સામાજીક પ્રાણી છે અને સમાજની★ ★શરૂઆત એક કુટુંબથીજ થાય.★ ★કુટુંબ કે પરિવાર લગ્નસંસ્થાના★ ★નીતિનિયમોને આધીન છે. એમાંય ભારતિય★ ★સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. એ રીતે એક પરિવારમાં ચાર ચાર★ ★પેઢીઓ સાથે રહે છે.★

★સપ્તપદીમાં એકમેકનો સાથ નિભાવવાનાં★ ★લીધેલાં વચનોનું પાલન થાયછે.સ્વભાવની★ ★વિસંવાદિતા હોયતો પણ લગ્નજીવન મરતાં સુધી ટકી રહેછે. ઘર ભાંગતું નથી.★

★માબાપની નિશ્રામાં બાળકો ભણે ગણે,★ ★પગભર થાય અને લગ્ન થાય.બાળકો થાય★..★દાદા દાદીના લાડકોડ અને પાલન પોષણમાં બાળકો ઉછરી જાય..પતિ પત્ની બંને★ ★નોકરી કરતાં હોય..બાળકોની ચિંતા નથી★ ★રહેતી.વડલાનો વિસામો જેવી સંયુક્ત કુટુંબ પ્રથા આપણી સંસ્કૃતિની દેન છે.★.

★પશ્ચિમના દેશોમાં તો બાળક અઢાર વર્ષનું થાય એટલે એ અલગ થઈ જાય.★

★આપણાં પરિવારોમાં બાળકો અને વૃદ્ધોનું જતન થાય છે.બાળકોમાં★ ★સારા સંસ્કારોનું સિંચન થાય છે.. વડીલો પણ એમનાં★ ★પૌત્ર પૌત્રી સાથે એમના જીવનનો સુવર્ણકાળ વ્યતિત કરેછે.★.

★પચીસ ત્રીસ માણસોનું એક કુટુંબ એક જ ઘરમાં સાથે રહેતું હોય એવું★ ★પણ જોયેલું છે..એકજ ધંધો★ ★હોય કે અલગ વ્યવસાય પણ રસોડું એકજ..કામ વહેંચાયેલાં હોય ,સૌની જરૂરિયાત★ ★સંતોષાતી રહે.. હા કોઈવાર મતભેદ થાય,★ ★બોલાચાલી થાય પણ વાસણ હોયતો ખખડે એ★ ★વણલખ્યો નિયમ સૌએ અપનાવેલો હોયછે.★..

★ઘર નાનું હોય કે મોટું એક પરીવાર હોય,★ ★સંતોષ અને આનંદની કીલકારીથી ગુંજતું હોય★ ★એ જ સાચું સુખ અને સુખી ઘર.★..

★વસુધૈવ કુટુંબકમ્★

★આપણા ઋષિમુનિઓએ આપેલા★સૂત્રનો? અમલ આપણા ઘર★ ★પરિવારથી જ થાય છે.★

★હેમા ત્રિવેદી★ ★કૃષ્ણપ્રિયા★

★તા:૧૯--૧--૨૦૨૩★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 137**

વિષય પરિવાર

પ્રકાર ગદ્ય લેખ

શબ્દો ૨૯૫

શીર્ષક ઘર

ઈંટો અને સિમેન્ટથી બનેલાં મકાનને એક મિલનસાર પરિવાર ઘર બનાવે છે. જ્યાં પતિને એમ થતું હોય કે ક્યારે જલ્દીથી ઘરે પહોંચું અને પત્ની રાહ જોતી બારણે નજર ફેરવતી હોય. બાળકો વડીલોનો આદર અને અંદરોઅંદર સંપ બનાવી રાખતાં હોય.

સહનશક્તિ એ એક મહત્વનું પરિબળ છે જે પરિવારને તૂટતો બચાવે છે.

દરેકને એવું લાગે કે હું જ સૌથી વધું સહન કરુ છું પણ એવું ના હોય. બધાં પોત પોતપોતાની રીતે સહન કરતાં હોય. કોઈ માનસિક ,કોઈ શારીરિક તો કોઈ સામાજિક રીતે સહન કરતું હોય. અત્યારનાં યુવાનોમાં સહનશક્તિ ખૂબ જ ઓછી થઈ ગઈ છે જેનાં પગલે પરિવારો વધુ તૂટવા લાગ્યાં છે. આપણાં વડીલો કરતાં આપણામાં સહનશક્તિ ઓછી થઈ અને આપણાં કરતાં, આપણાં બાળકોમાં ઓછી થઈ ગઈ.

પહેલાં બે ઓરડાનું ઘર બાર જણને સમાવતું અને હવે બાર ઓરડાના ઘરમાં ચાર જણ શાંતિથી નથી રહી શકતાં. મોટાભાગના પરિવાર હવે બે જણના બનીને રહી ગયા છે. બાળકો ભણીને પોતપોતાની દુનિયામાં ખોવાઈ ગયા છે ત્યારે આથમતી ઉંમરે પેલું કવિ મૃગાંક શાહનું કાવ્ય પૂરેપૂરુ ફલિત થતું અનુભવાય છે.

'' છેલ્લે તો આપણે બે જ હોઈશું''

ભલે ઝગડીએ, ક્રોધ કરીએ,
એકબીજા પર તુટી પડીએ,
એકબીજા પર દાદાગીરી કરવા,
છેલ્લે તો આપણે બે જ હોઈશું.
જે કહેવું હોય એ કહી લે,
જે કરવું હોય એ કરી લે,
એકબીજાનાં ચોકઠાં(ડેન્ચર) શોધવા,
છેલ્લે તો આપણે બે જ હોઈશું.
હું રીસાઈશ તો તું મનાવજે,
તું રીસાઈશ તો હું મનાવીશ,
એકબીજાને લાડ લડાવવા,
છેલ્લે તો આપણે બે જ હોઈશું.
આંખો જયારે ઝાંખી થશે,
યાદશક્તિ પણ પાંખી થશે,
ત્યારે, એકબીજાને એકબીજામાં શોધવા,
છેલ્લે તો આપણે બે જ હોઈશું.
ઘુંટણ જ્યારે દુ:ખશે,
કેડ પણ વળવાનું મુકશે,
ત્યારે એકબીજાના પગના નખ કાપવા,
છેલ્લે તો આપણે બે જ હોઈશું.
'મારા રીપોર્ટસ્ તદ્દન નોર્મલ છે,
આઈ એમ ઓલરાઈટ',
એમ કહીને, એકબીજાને છેતરવા,
છેલ્લે તો આપણે બે જહોઈશું.
સાથ જ્યારે છુટી જશે,
વિદાયની ઘડી આવી જશે,
ત્યારે, એકબીજાને માફ કરવા,
છેલ્લે તો આપણે બે જ હોઈશું.

?? હેતલ પટેલ .( નિજાનંદી ).

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO.:0141**

★વિષય★ : ★ઘર, પરિવાર અને લગ્નજીવન★

★પ્રકાર★ : ★નિબંધ★

★શીર્ષક★ : ★ઘર - ગૃહસ્થી★

★શબ્દો★ : ★૩૨૯★

'હસે તેનું ઘર વસે' અને 'ઘેર ઘેર માટીના ચૂલા' કે 'ધરતીનો છેડો ઘર' વગેરે ઉકિત આપણે અવારનવાર સાંભળતા આવ્યા છીએ. 'રોટી કપડા અને મકાન (ઘર)' માનવ જીવનની મુખ્ય ત્રણ જરૂરિયાતો છે. મોટા ભાગના વ્યક્તિઓનો સંઘર્ષ આ ત્રણ બાબતો પ્રાપ્ત કરવામાં જ બસર થઈ જાય છે.

પુરુષનું તો જાણે સમજ્યા. રળવું, કમાવું આજીવિકા પ્રાપ્ત કરવી અને શાંતિથી જીવન પસાર થઈ જાય એટલે ભયો ભયો.

સ્ત્રી માટે એવું નથી. સ્ત્રી વિના ઘરની કલ્પના કરી જુઓ ! સ્ત્રી વિના પરિવારની કલ્પના કરી જુઓ ! અને સ્ત્રી વિના લગ્નજીવનની કલ્પના કરી જુઓ ! થાય છે કંઈ ? વિચાર આગળ વધશે જ નહિ.

સુખી લગ્નજીવન, ઉત્તમ પરિવાર અને મંદિર જેવું ઘર - એક એવી વિભાવના છે કે જેને સિદ્ધ કરવા માટે અથાગ પ્રયત્ન કરવા પડે છે. એક દંપતી, સ્ત્રી અને પુરુષ માટે આ ત્રણ બાબત ભવ્ય ભૂતકાળ, સુખી વર્તમાન અને સુંદર ભવિષ્ય સાથે જોડાયેલી છે.

પુરુષ મકાન બનાવી શકે, ખરીદી શકે પણ સ્ત્રી એને ઘર બનાવે છે.

પુરુષ અને સ્ત્રી મળી સંતાન મેળવી શકે છે પણ પરિવાર તો સ્ત્રી જ બનાવે છે.

પુરુષ લગ્નની બેડી માં બંધાઈ ગૃહસ્થાશ્રમ ઊભો કરી શકે છે પણ સુખી લગ્નજીવન તો સ્ત્રીથી જ શક્ય છે.

મોટા ભાગે ઘર અને પરિવાર સુખી, ચોખ્ખો દેખાતો હોય છે પણ લગ્નજીવન સુખી છે કે બસ એમજ, એતો જ્યારે અંદર રસ લઈ જાણીએ ત્યારે ખબર પડે.

સુખી લગ્નજીવન માટે ઘણી બધી બાંધછોડ કરવી પડે છે. જતું કરવું પડે છે. સમયે સમયે અણગમતી બાબતોને ગમાડવી પડે અને ગમતી બાબતોને છોડવી પડે.

પરિવાર માટે થઈ પોતાના મોજ શોખ, પસંદ, લાગણી, વાણી અને વર્તનમાં આમૂલ પરિવર્તન લાવવું પડે છે. બાળકો કે વડીલ, વૃદ્ધ માતા પિતા માટે થઈ હરવું ફરવું, પ્રવાસ પર્યટન જવું, ખાવા પીવામાં કે પ્રસાધન પહેરવેશમાં કાપ મૂકવો પડે છે.

ઘર, પરિવાર અને સુખી લગ્નજીવન ના આદર્શને સિદ્ધ કરવો કંઈ અઘરું કામ નથી.

પુરુષ અને સ્ત્રી એટલે કે દંપતીમાં સહનશક્તિ, એકબીજાને સમજી શકવાની આવડત, યોગ્ય દિશાની મહેનત, પરસ્પર વિશ્વાસ, સંપૂર્ણ સાથ અને સહકાર, પ્રેમ અને સન્માન ની ભાવના, પુરતી સમજણ અને ધીરજ ના ગુણ હોય તો તેઓ આ ત્રણેય બાબત સિદ્ધ કરી શકે છે.

★રસિકભાઈ વી પરમાર "રવ" પાટણ (ઉ.ગુ.)★

★તા. ૧૯/૦૧/૨૩★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0 :089**

પ્રકાર: ગદ્ય

વિષય ઘર- પરિવાર- લગ્ન જીવન

શીર્ષક રળિયામણું

લેખિકા પ્રવિણા કડકિઆ

———

ઘર અને પરિવાર સમૃદ્ધ બનાવવા સંતોષી લગ્ન જીવન આવશ્યક છે.

આ ત્રિવેણી સંગમ જીવન રળિયામણું બનાવવાનો કીમિયો છે.

બાકી કરોડો રુપિયા , ત્રણ બેડરૂમનો આલીશાન ફલેટ ભલેને હોય! રાતના ઉંઘ લાવવા ગોળી લેવી પડે તેનો શું મતલબ !

પતિ નોકરી પરથી સીધો ઘરે આવે, બાળકોને માતા પ્યારથી સીંચે , વધતી જતી મોંઘવારીમાં પત્ની થોડું ઘણું કમાય અને કરકસરથી ઘર ગૃહસ્થી સંભાળે , તેનાથી વધુ શું જોઈએ?

દેખાદેખી જેવો ભયંકર રોગ તો ''કોરોના'' પણ ન હતો. જે ઘરની સુખ શાંતિ હણવાની ક્ષમતા ધરાવે છે.

પૈસો સર્વસ્વ નથી , એ સત્ય જેટલું વહેલું સમજાય એટલું કૌટુંબિક જીવન સુખી.

કહ્યા વગર નથી રહી શકતી જયારે મારો મોટો દીકરો ૧૫ વર્ષનો હતો ત્યારે

એક દિવસ શાળાએથી આવી મને કહે , '' મા મની મેક યુ હેપી''?

મેં એને સામે પૂછ્યું , તને શું લાગે છે''?

મને કહે ''ના''.

મેં એને આલિંગન આપ્યું .

પરિવાર સુખી, કિલકિલાટ કરતું ત્યારે બને છે જ્યારે સહુ સ્નેહની દોરીથી બંધાયેલા હોય. પરસ્પર આદર અને ત્યાગની વૃત્તિ હોય . જે છે તે સહુનું છે.

સ્વાર્થની માત્રા ને અવકાશ ન હોય.

લગ્ન જીવનમાં સુખ માણવું આપણા હાથમાં છે. બાળકોને સંસ્કારી બનાવવા માતા અને પિતાનો સહિયારો પ્રયાસ છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG સાહિત્ય સરિતા**

નંબર : ૧૧૯

વિષય : પરિવાર

પ્રકાર : ગદ્ય

શીર્ષક : ★પરિવાર એ પારિજાત★

શબ્દો : ૩૪૫

પરિવાર વિશે લખવું બહુ અઘરુ કામ છે, પરંતુ વિષયને ન્યાય આપવા માટે અને પરિવાર કેવી વિકટ પરિસ્થિતિમાં થી પસાર થયેલ છે, એનું અહીંયા વિસ્તૃતીકરણ કરવામાં આવેલ છે એનાં ઉપર થોડો પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે.

★પરિવાર★

★પ★ - પરિશ્રમ

★રિ★ - રિશેષ વગર

★વા★ - વાતા વાયરામાં (બધી ઋતુ ના)

★ર★ - રહેનારો

સખત પરિશ્રમ કરીને રાત - દિવસ કોઈ પણ જાતની રિશેષ વગર શિયાળો, ઉનાળો કે ચોમાસાનાં દિવસો દરમિયાન વાતાવાયરાના વાતાવરણમાં રહેનારો મારો પરિવારનો ઉછેર થયો છે. વડવાઓએ વેઠ ઉપાડીને વારાફરતે જવાનું અને જેમતેમ જીવન ગુજારતા મારા પરિવારે અનેક મુશ્કેલીઓ વેઠેલી છે. પરિશ્રમ ખુબ કરતા,પરંતુ પ્રમાણિકતા મારા વડવાઓની.ગરાગવટીનું કામ કરતા ખળા માં લાવેલો મોલ અમારી દેખભાળ હેઠળ સચવાતો.એમાંથી એકપણ કણ આડાઅવળા ન થતા એટલે જાગીરદારો અને ગામનાં મુખી પટેલોને પુરતો વિશ્વાસ હતો. માથે ઉપાડીને ખેડૂતોને ઘેર અને રાજમાં અનાજ અને અન્ય ચીજવસ્તુઓ પહોંચાડતા હતા. બદલામાં વર્ષ દરમ્યાન ખાવાનું મળતું અને રોકડ રકમની વ્યાજપેટે ભરપાઈ કરતા તેમજ આખું વર્ષ વહેલી સવારે પરોઢિયેથી રાતનાં અંધકાર સુધી પરિશ્રમ કરતા.

અત્યારે પરિવર્તનના યુગમાં પરિસ્થિતિમાં ઘણો બદલાવ આવી ગયો છે. જેનાથી આજે પરિવારની સ્થિતિ સુધારા તરફી છે, પણ કુટુંબો એકબીજાથી દૂર ખસતા જતા હોય એવા સંજોગોનું નિર્માણ થતું જોવા મળે છે. એક સમય એવો હતો કે પરિવાર નું સંગઠન હોય તો તેમની ગણના થતી.આજે પરિવારો જ્યાં સંગઠિત હશે ત્યાં ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ધાર્યું અને અણધાર્યું કામ થતું હોય છે. આપણા દેશમાં વસુદેવકુટુંબનું મહત્વ છે. જ્યાં પરિવારમાં સંપ હશે ત્યાં સહકાર અને સહવાસ હશે.ગમેતેવી પરિસ્થિતિમાં એકબીજાને ઉપયોગી થાય એવા પરિવારની હૂંફ તેમજ ઓથ મળે.

ગુજરાતી માં એક કહેવત છે કે ★ઘર હોય એટલે વાહણ ખખડે★ પણ પરિવારમાં સમજુ અને શાણા વડિલો આવે એટલે બધું ઠરીઠામ થઈ જાય. ★ડાંગે માર્યા પાણી કદી જુદા ન પડે.★ આવી માર્મિક વાતો સમજાવીને એકતાની ભાવના કેળવાય છે.પરિવારમાં સહનશીલતા હોવી ખુબ જરુરી છે.ઘણા ઉછાંછળાપણું રાખનારા પણ હોય છે,તેમને પણ સમજાવીને સાથે રાખવામાં આવે છે.તેથી પરિવારની મહત્તા સમજાતાં જળવાઈ રહે છે.પરિવારમાં મોટા થઈને નહીં પણ નાના થઈને રહેવાથી એકબીજાનો ભાવ ગાઢ બને છે. મનમાં એવું ન રાખવું જોઈએ કે હું કંઈક છું. તો અભિમાન નો પારો આસમાનને આંબવા જતો હોય ત્યારે વડિલો કે સમજુ વ્યક્તિ દ્વારા રોકવાનો પ્રયત્ન કરવામાં આવે તો સફળતા ચોક્કસ મળે છે. પરિવારે કરેલ પરિશ્રમનો બદલો આજે મળ્યો હોય એવો એહસાસ થાય છે. પારિજાત એ એવો છોડ છે જે અનેક ઔષધીઓનો ખજાનો છે. એ અનેક ગુણોથી ભરપૂર છે. તેનાં સેવનથી અનેક રોગોને મટાડે છે. તેવી જ રીતે પરિવારનાં પરસેવાથી કરેલા પરિશ્રમનું ફળ એટલે પરિવારમાં રહેલી કડવાશને દૂર કરનાર પારિજાતરૂપી પરિવાર એ ખરા અર્થમાં પારિજાત છે.

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**

પ્રકાર :- પદ્ય

વિષય:- આદર્શ ઘર,પરિવાર અને લગ્નજીવન

શિર્ષક:- પરિવાર એક સંગઠન

પાલક પરિવારનો જયાં હોય સ્પષ્ટ,
બને આદર્શ સહુને માટે વેઠી પંડે કષ્ટ.
અનુભવોની એરણ પર ટીપે ને ટીપાવે,
એ પરિવારની મજબૂતી પર શક ન કોઈ ધરાવે.
સંવાદ, સ્વીકૃતિ, સમજણ ને ક્ષમાને પાયે,
પરિવારની સુદ્દઢતાની ઈમારત રચાયે.
આવે ભલે લાખો ઝંઝાવાતો જગ માંહે,
ના હાલક -ડોલક થાય આ ઈમારત જરાયે.
સંવાદ પહેલું પરિબળ પરિવારનું,
ખુલ્લું, આદરપૂર્ણ ને સરળતાથી હો ભર્યું.
જયાં ચર્ચા ને નિર્ણયો સહું સાથે લેવાયે,
એ પરિવારને કદીય ના જીતાયે.
સ્વીકૃતિ સહુના ગુણ -દોષની હોય,
મદદની ભાવનાથી જયાં દોષ દુર હોયે.
ગુણોમાંથી શીખીને અપનાવે સહું સદાયે,
એ પરિવારની ચોકોર વૃદ્ધિ જ હોયે.
સમજણ સહુને પોતાની ભૂમિકાની હોયે,
આડખીલી ના બને અન્યને કદાયે.
વિકસવું ને વિકસાવવું જયાં સતત હૈયે હોયે,
એ પરિવારની પ્રગતિને રોકી શકે ના કોયે.
ભૂલ કરવાની પણ જયાં છૂટ હોયે,
ભૂલમાંથી શીખીને આગળ વધે સહું કોઈ.
ક્ષમા જયાં દરેક સભ્યને માટે સમાનરૂપે હાજર હોયે,
એ પરિવારમાં કલહના પ્રવેશ પર બંધી હોયે.
એક તરફ અનુભવી ને પીઢ ને,
બીજી તરફ નવા જન્મેલાં સભ્યો હોયે.
બહારથીય એમાં વહુ કે જમાઈ જેવા સભ્યોનો ઉમેરો થતો જાયે,
તોય સહું ભૂમિકા મુજબ હક મેળવે ને ફરજ બજાવે એ જ આદર્શ પરિવાર કહેવાયે.
પરિવાર બનાવે છે પ્રણાલીઓ,
અનુસરીને પામે છે ખુશાલીઓ.
સંસ્કાર ને મૂલ્યોને અગ્રિમતા અપાયે,
એ પરિવાર સમાજમાં રહે આગળ સદાયે.

# અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર...૨૦/૦૧/૨૩.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0037**

પ્રકાર : ગદ્ય

વિષય - ઘર પરિવાર અને લગ્નજીવન

શિર્ષક : પરિવારની અનુભૂતિ જેવા સંબંધ

★ પરિવાર જે સંસારથી અલિપ્ત હોય, પણ આપણાં. ★

★ જેના વડે શ્વાસ મળ્યાં,

★ જેના માટે શ્વાસ ચાલે,

★ જેના ાટે શ્વાસ છોડતાં પણ હર્ષની અનુભૂતિ થાય,

★ જેના માટે એક દિવસ નહીં,

★ જિંદગી સમર્પિત હોય,

★ એજ પરિવાર કહેવાય.

★ આવોજ એક સાહિત્ય પરિવાર એટલે આપણી આ પાઠશાળા.★

★ અવિરત જ્ઞાનની ગંગા વહેતી રહેતી.★

★ રાવલ સાહિત્ય બેલડી પરિવારનાં સંચાલન થી લોકોની કલમને વાંચા મળતી રહેતી સદા.★

★ પરિવારનાં વડીલોનાં પ્રેમ,ઉષ્માસભર માર્ગદર્શનથી, પ્રેરણા અને પ્રોત્સાહન મળતું રહે છે.★

★ આવા પરિવાર ના સભ્ય હોવાનું ગૌરવ સદા રહેશે.★

★ મારો પરિવાર **God gift**

**Thank to god**

હેમલતા દિવેચા " હેમ " જૂનાગઢ.

# કેનેડાની એક જૂની સ્કૂલમાંથી ૧૭૧ બાળકોની કબરો મળી:તમામ બાળકો મુળ કેનેડિયનોના હતા

નવીદિલ્હી,તા.૨૦

મૂળ કેનેડિયનોના એક ગ્રુપને એક રડાર સિસ્ટમ દ્વારા ઈમારતની નીચેથી ૧૭૧ બાળકોની કબરો મળી છે. કેનેડામાં મૂળ રહેવાસી તે લોકોને કહેવામાં આવે છે જેઓ અંગ્રેજોના કબજા હેઠળ પહેલેથી જ ત્યાં રહેતા હતા. ઑન્ટેરિયોમાં જે બિલ્ડિંગની નીચેથી કબરો મળી આવી હતી તે એક સમયે સ્કૂલ હતી. એવું માનવામાં આવે છે કે આ કબરો છે મૂળ રહેવાસીઓના બાળકોની જ છે.

આ બાળકોને ૧૯મી સદીમાં બળજબરીથી પકડવામાં આવ્યા હતા અને ચર્ચ દ્વારા સંચાલિત શાળાઓમાં મૂકવામાં આવ્યા હતા. કબર શોધવા પર ગ્રુપના સભ્ય ચીફ ક્રિસ સ્કીડે જણાવ્યું હતું કે તેમને જોઈને આપણે યાદ રાખવું જોઈએ કે આપણે જીવતા બચી શક્યા છીએ. આપણે અહીં છીએ અને આપણા પૂર્વજો પણ અહીં જ છે. જો કે, આ પહેલીવાર નથી કે કેનેડામાં મૂળ બાળકોની કબરો મળી આવી હોય.કેનેડામાં મે ૨૦૨૧થી મુળ નિવાસીઓના બાળકોની કબર મળી રહી છે. આ બાબતે કેનેડાના વડાપ્રધાનથી લઈને વેટિકન સિટીના પોપ ફ્રાંસિસ પણ માફી માંગી ચુક્યા છે. ન્યુયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ ૧૯મી સદીમાં કેનેડાની સરકારો અને ચર્ચ મુળ નિવાસીઓના બાળકો માટે સ્કૂલો ચલાવતા હતા. આ સ્કૂલોનો મખ્ય હેતું મુળ નિવાસીઓના બાળકોને તેમની સંસ્કૃતિ અને જીવનશૈલીથી અલગ કરવાનો હતો, જેને કેનેડામાં સત્તા પર રહેલા લોકો પછાત અને નકામા સમજતા હતા.અનેક રિપોર્ટમાં દોવા કરવામાં આવ્યો છે કે આ ૧૩૦ સ્કૂલોમાં ખુબ જ ખરાબ વ્યવસ્થાઓ રહેતી હતી. આ બાળકોને સારું ભોજન તેમજ પીવા માટે પાણી પણ આપવામાં આવતું નહોતું. કોઈ બાળક બીમાર પડે તો તેની સારવાર પણ કરાવવામાં આવતી નહોતી. આ કારણે હજારો બાળકોના મોત થયા હતા. ગયા વર્ષે પોપ ફ્રાંસિસે પણ માન્યું હતુ કે સ્કૂલોમાં બાળકોનું યૌનશોષણ પણ કરવામાં આવતું હતુ. ચર્ચની આ સ્કૂલ બાળકોનું મોત થયા બાદ તેમના મૃતદેહોને સ્કૂલની જમીન નીચે જ દફન કરી દેવામાં આવતા હતા. વર્ષ ૧૯૯૦માં ટીકા અને અનેક વિરોધ પ્રદર્શનો બાદ આ સ્કૂલોને બંધ કરી દેવામાં આવી હતી.વર્ષ ૨૦૨૧માં પહેલીવાર મૃતદેહો મળી આવ્યા, ત્યારે આ મામલે સ્એ માફી માંગી હતી. વર્ષ ૨૦૨૧માં પ્રથમ વખત કેનેડાની એક જુની બોડિંગ સ્કૂલના કેમ્પસમાં ૨૧૫ બાળકોના મૃતદેહના અવશેષો મળી આવ્યા હતા. આમાંના કેટલાક બાળકો ત્રણ વર્ષથી ઓછી વયના હતા. રડાર મશીનની મદદથી તેમની શોધખોળ પણ કરવામાં આવી હતી. તે સમયે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ તેને ઈતિહાસની શરમજનક યાદોમાંની એક ગણાવી હતી. તેમણે આ અંગે નક્કર કાર્યવાહીની ખાતરી પણ આપી હતી.ટ્રૂથ એન્ડ રિકંસિલિએશન કમીશને આ સ્કૂલ સંસ્થાઓમાં કરાયેલા અત્યાચાર મામલે એક રિપોર્ટ પણ આપ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતુ કે અત્યાચાર અને બેદરકારીને કારણે ૩૨૦૦ બાળકો મોતને ભેટ્યા હતા. તેમાંથી કેમ્લુપ્સ સ્કૂલમાં ૧૯૧૫ થી ૧૯૬૩ની વચ્ચે ૫૧ બાળકોના મોત થયા હતા.

રિપોર્ટમાં આ પ્રકારની બોર્ડિંગ સ્કૂલમાં ૧.૫૦ લાખ બાળકોનું શારિરિક શોષણ, બળાત્કાર, કુપોષણ અને અન્ય પ્રકારના અત્યાચાર ગુજારવામાં આવ્યો હોવાની વાત સામે આવી હતી. આવી બોર્ડિંગ સ્કૂલમાં ૧૮૪૦ થી ૧૯૯૦ના દાયકા સુધી ઓટાવાના ચર્ચ સંચાલન કરતા હતા.

# ભીનમાલના મહાદેવ મંદિરના અભિષેકમાં સ્વામી અવધેશાનંદજી, સ્વામી રામદેવજી, આચાર્ય લોકેશજી, યુવાચાર્ય અભયદાસજીએ હાજરી આપી

**યુવા પેઢીએ મર્યાદાપુરુષોત્તમ શ્રી રામ અને મહાદેવના જીવન પ્રસંગોમાંથી પ્રેરણા લેવી જોઈએ - આચાર્ય લોકેશજી**
**યોગ, આધ્યાત્મિકતા અને ધર્મ દ્વારા માનવ જીવનનો ઉદ્ધાર - સ્વામી રામદેવજી**
**માનવ જીવનની અનુભૂતિ ધર્મના માર્ગે જ શક્ય છે - મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરીજી**



જૂના પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરીજી, યોગ ઋષિ સ્વામી રામદેવજી, જૈન આચાર્ય ડૉ.લોકેશજી, યુવાચાર્ય અભયદાસજી અને વિવિધ સામાજિક સંસ્થાઓના અધિકારીઓએ જુનાકાંઠે મહાદેવ રોડ સ્થિત ૧૨૦૦ વર્ષ જૂના, નવનિર્મિત પ્રાંગણ અને પ્રતિમા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપી હતી. ભીનમાલ શહેરમાં ભાગ લીધો. વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડો.લોકેશજીએ ભગવાન શ્રીરામ કથા અને નીલકંઠ મહાદેવ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે યુવા પેઢીએ મર્યાદાપુરુષોત્તમ શ્રી રામ અને નીલકંઠ મહાદેવના જીવન પ્રસંગો અને આદર્શોમાંથી પ્રેરણા લેવી જોઈએ. તેમણે કહ્યું કે મંદિર એ ભારતીય સંસ્કૃતિનાં વારસાની ઓળખ છે, આપણા ભારત દેશમાં આવા અનેક ધાર્મિક સ્થળો છે જે વિશ્વમાં ભારતની ઓળખને ઉજાગર કરે છે, જેમાં ૭૨ મંદિરોના શહેર ભીનમાલનું નામ પણ ગર્વ સાથે લેવામાં આવે છે. તેમણે નીલકંઠ મહાદેવના પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર કરીને રાવ પરિવાર દ્વારા પ્રાણ પ્રતિષ્ઠાના ભવ્ય કાર્યક્રમને બિરદાવ્યો હતો. યોગ ઋષિ સ્વામી રામદેવે કહ્યું કે ભગવાન શિવની કથાઓ અનુસાર મનુષ્ય પોતાની મર્યાદાઓથી આગળ વધીને પોતાની મહત્તમ ક્ષમતા સુધી પહોંચી શકે છે. ભગવાન શિવે વ્યક્તિગત પરિવર્તનનું સાધન આપ્યું છે કારણ કે વિશ્વને બદલવાનો આ એકમાત્ર રસ્તો છે. તેમણે કહ્યું કે યોગ, અધ્યાત્મ અને ધર્મ દ્વારા માનવ ચેતનાને ઉજાગર કરી માનવ જીવનનો ઉદ્ધાર શક્ય છે. માનવ ચેતનાના ઉત્થાન માટે, વ્યક્તિમાં વ્યક્તિગત સ્તરે પરિવર્તન લાવવા માટે યોગથી મોટું કોઈ સાધન નથી. આ પ્રસંગે જુનાપીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરીજી મહારાજે સંબોધન કરતાં જણાવ્યું હતું કે સમુદ્રમંથનમાંથી નીકળેલું વિષ ભગવાન શિવે લીધું હતું. તેથી જ તેઓ નીલકંઠના નામથી જાણીતા હતા. ખૂબ જ પ્રભાવશાળી, આ પ્રાચીન મંદિર ભગવાન શિવને સમર્પિત છે, શિવ એક મહાન પરોપકારી છે, શિવનું સ્મરણ કરવાથી જ બધા દુ:ખ દૂર થાય છે. તે ભોલેનાથ છે, તથા તે એક મહાન યોગી પણ છે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ એક થઈને પોતાના ધર્મનું પાલન કરવું જોઈએ, ધર્મના માર્ગે જ માનવજીવન સાકાર થઈ શકે છે. યુવાચાર્ય અભયદાસજીએ જણાવ્યું કે ભગવાન શિવનો મંત્ર 'ઓમ નમઃ શિવાય' છે. કહેવાય છે કે આ મંત્રમાં પૃથ્વીની તમામ શક્તિઓ આ પાંચ અક્ષરના મંત્રમાં જ સમાયેલી છે. તેમણે કહ્યું કે આપણે આપણી ઓળખને જાળવી રાખવામાં ક્યારેય સંકોચ ન કરવો જોઈએ. દરેક વ્યક્તિનો ધર્મ તેના જીવનનો સાર હોવો જોઈએ. આ અવસરે ઉપસ્થિત સૌ કોઈ જાણીતા કથાકાર શ્રી મુરલીધરજી મહારાજની ૧૦ દિવસીય કથાનો આનંદ માણી રહ્યા છે, જેને સાંભળીને દરેક વ્યક્તિ ભગવાન શ્રી રામની ભક્તિમાં લીન થઈ જાય છે.


# ગો સેવા આંદોલન મહેસાણા વિભાગ અને ઓમ ગૌશાળા કમાલપુર (ધીણોજ) દ્વારા 'શ્રી સુરભી મહાયજ્ઞ અને ગો સંત સંમેલન' નું આયોજન

વૈજ્ઞાનિકોએ છેલ્લી શતાબ્દીમાં અનેક નવા નવા આવિષ્કારો કર્યા. વિકાસની અનેક નવી દિશાઓ ખોલી. પણ પછી તેના વિનાશક પરિણામોએ સમગ્ર માનવજાતની ખુબ જ પરેશાની કરી દીધી છે.

તેનાથી વિશ્વની સમગ્ર માનવજાત ઉપર જે સંકટના વાદળો છવાયા છે, તેણે માનવ જાતના અસ્તિત્વ સામે ખતરો ઉભો કર્યો છે. ૨૧ મી સદીમાં પર્યાવરણનો વિનાશ એ મોટી વિકરાળ સમસ્યા બની ગઈ છે ત્યારે ગૌ રક્ષા અને ગૌ સેવા એ મોટો પ્રશ્ન બન્યો છે. ગાય આરાધ્યની આરાધ્યા છે. ગૌમાતામાં સમગ્ર દેવી દેવતાઓ નિવાસ કરે છે. ગૌમાતાની સેવાથી પૂર્વજોની પણ સદગતી પ્રાપ્ત થાય છે.

આજના આ યુગમાં ભગવાનને તો અનેક પ્રકારનાં ભોગો ધરવામાં આવે છે, પરંતુ તેમની પ્રાણ પ્યારી ગૌમાતા ઘણી જગ્યાએ ભૂખી-તરસી જોવા મળે છે.






જન્મ દેનાર માતા તો એક – બે વર્ષ જ પોતાનું દૂધ પોતાના બાળકને પીવડાવે છે જયારે ગૌમાતા તો આખી જિંદગી મનુષ્ય જાતિને પોતાનું દૂધ પીવડાવી તેના પર ઉપકાર કરે છે. પરમ ઉપકારી ગૌમાતાનો પૂજનનો ઉત્સવ એટલે તા. ૨૨ જાન્યુઆરી, રવિવારનાં રોજ મહેસાણાનાં ગામ કમાલપુર ખાતે 'શ્રી સુરભી મહાયજ્ઞ ગો સંત સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ધજા રોહણ,ગો એગ્રીકલ્ચર એન્ડ ગો ઈકોનોમી, ભારતીય ગાય અને આરોગ્ય, ઉત્પાદન વેચાણ કેન્દ્રની મુલાકાત, પરંપરાગત ખેતીના સાધનોનું પ્રદર્શન, ગાય પૂજા - ગાય આરતી - ૧૦૮ કુંડી મહાયજ્ઞ, ગોમયા ભોજન પ્રસાદ (ગાય આધારિત જૈવિક ખેતીમાંથી ઉત્પાદિત/ રાંધવામાં આવે છે) નું આયોજન છે.

સૌ ગોપ્રેમી ભાઈઓ અને બહેનોને આ પરિષદમાં પરિવાર સાથે હાજરી આપવા ઓમ ગૌશાળા કમાલપુર(ધીણોજ) તથા ગૌ સેવા ગતિવિધિ (મહેસાણા વિભાગ) દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.

એક દિવસ ગોમાયાનાં વાતાવરણમાં રહીને આનંદ કરવા અને ગૌમાતાની કૃપાથી કંઈક નવું શીખવા મહાયજ્ઞમાં પધારવા સૌ ને વિનંતી કરાઈ છે.

# ગાંધીનગરની આલ્ફા હોટલમાં જમવા આવેલા દંપતીને જીવાતવાળું સલાડ પીરસાયું, મેનેજરે કહ્યું-'જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરો'

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગરના સેકટર - ૧૭ શોપિંગ ખાતે આવેલી વર્ષો જૂની નોનવેજની આલ્ફા હોટલમાં જમવા અર્થે ગયેલાં દંપતીને કડવો અનુભવ થયો છે. દંપતીને પીરસવામાં આવેલા તંદુરી ડુંગળીના સલાડમાંથી જીવાત નીકળી હતી. એ મામલે દંપતીએ ફરિયાદ કરતાં હોટલના મેનેજરે 'જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરો, બીજી કોઈ હોટલમાં જમવા જવું હોય તોપણ જઈ શકો છો' કહીને ઉદ્ધત જવાબ આપી દીધો હતો. આ અંગે ગ્રાહક સુરક્ષાના ઓનલાઇન પોર્ટલમાં ફરિયાદ કરાઈ છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોના આરોગ્યની ચિંતા કરીને અવારનવાર ખાણીપીણીની લારીઓ, હોટલોમાં ચેકિંગ હાથ ધરવામાં આવતું હોવાના દાવા કરવામાં આવતા રહે છે. જોકે મોટા ભાગે વેજિટેરિયન હોટલો પર જ તવાઈ બોલાવવામાં આવતી રહે છે, પરંતુ જાણીતી નોનવેજની હોટલો અને ગેરકાયદે હાટડીઓ સામે કૂણું વલણ દાખવવામાં આવતું હોય એવી બુમરાણ ઊઠી છે. ત્યારે ગઈકાલે રાત્રે સેકટર - ૧૭માં આવેલી જાણીતી નોનવેજની આલ્ફા હોટલમાં જમવા ગયેલાં દંપતીને કડવો અનુભવ થયો છે.

ગાંધીનગરના સેકટર - ૧૨માં રહેતાં રાહુલભાઈ ડાભી ગઈકાલે રાતના સમયે પત્ની અને દીકરા સાથે આલ્ફા હોટલમાં જમવા માટે ગયા હતા, જ્યાં નોનવેજ આઈટમોનો ઓર્ડર આપ્યો હતો.

'ગુજરાત દર્પણ' અમેરિકા સંચાલિત

## શ્રીમતી ભગવતી શાહ સેવા સંકુલ, નડિયાદ

: જન્મ :
જાન્યુઆરી–૨૧, ૧૯૫૨



: સ્વર્ગવાસ :
જૂન–૨૬, ૨૦૨૧

સ્વ. ભગવતી સુભાષચંદ્ર શાહ

સદ્‌ગતના ૭૧ મા જન્મદિન તથા 'શ્રીમતી ભગવતી શાહ સેવા સંકુલ, નડિયાદ' બીજા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે 'જરૂરિયાતમંદ લોકોને ખુબ નજીવી કિંમતે, પોતાની પસંદગીના કપડાં મળી રહે,' એવા સદ્‌ગતના ઉમદા વિચારને સાકાર કરવા ગુજરાતમાં આઠ જેટલા સેન્ટરો કાર્યરત છે અને જેના થકી અંદાજે ૧૦,૦૦૦ જેટલા જરૂરિયાતમંદો આ લાભ મેળવી શકયા છે, ઉપરાંત આ સેન્ટરોમાંથી વેચાણ દ્વારા પ્રાપ્ત થયેલ અંદાજીત રૂા. ૨,૫૦,૦૦૦ ની રકમ દ્વારા અન્નદાન, મેડીકલ તથા બાળકોના ઉત્કર્ષમાં વપરાયા છે. એ જાણી સદ્‌ગતના આત્માને જરૂર શાંતિ મળશે.

લિ. સુભાષચંદ્ર મણીલાલ શાહ

કલ્પેશ અને તેજલ શાહ – કુશ, કીશ શાહ – સમીરકુમાર અને મૌલિકા શાહ – શ્રેય શાહ

માનવસેવાના આ કાર્યમાં શરૂઆતથી સહયોગ આપનાર

નૃપેશ અને ઉષ્મા શાહ (નડિયાદ) મો. ૯૬૬૪૫ ૦૯૧૭૨
ડૉ. આર.પી.પટેલ (આણંદ) મો. ૯૮૨૫૮ ૫૦૩૪૮
સુરેશ અને રંજન સોઢા (અમદાવાદ) મો. ૭૯૯૦૭ ૧૧૨૧૧, ૯૪૨૮૭ ૯૯૮૧૨

વિનંતી : તમારા પરિવાજનોના જુના (યુઝ્ડ) કપડાં નીચે જણાવેલ આપના નજીકના કોઈપણ સેન્ટરમાં આપી વસ્ત્રદાન સાથે અન્નદાન સેવાને ઉજાગર કરશો.

: કાર્યરત સેન્ટર :


બાલકન–જી–બારી, નડિયાદ : (દર માસના બીજા રવિવારે)
આશિર્વાદ સેવા સંકુલ, ડાકોર : (દર માસની ૧ લી તારીખે)
નડિયાદ કલામંદિર, નડિયાદ : (દર માસના ચોથા રવિવારે)
'સેવા સમર્પણ' ચેરીટેબલ ટ્રસ્ટ, ખંભાત : (દર માસના ત્રીજા શનિવારે)
: શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત : આર્ટસ–કોમર્સ કોલેજ, લાયબ્રેરી, આણંદ (અનિયતકાલીન), 'વૃધ્ધાશ્રમ'– લાંભવેલ (દર શનિવારે)
માનવસેવા ફાઉન્ડેશન, વડોદરા : (દર માસના ત્રીજા રવિવારે)
શ્રી સાંઈ દ્વાર મંદિર, સતાધાર અમદાવાદ : (દર માસના ત્રીજા રવિવારે) સૌજન્ય : રૉટરી ઈન્ટરનેશનલ (RID-3054)

અમો આભારી છીએ...

ઈલેક્ટ્રોનિક્સ મીડિયા : એસ.કે.ચેનલ (આણંદ) - ટીનો પારેખ (નડિયાદ), હેલો ગુજરાત - સરસ્વતીચંદ્ર આચાર્ય (અમદાવાદ), ઈન્ડિયન કન્ઝ્યુમર પ્રેસ ચેનલ (ખંભાત)
પ્રિન્ટસ મીડિયા : નયા પડકાર, લોકભૂમિ - ચરોતરભૂમિ, સરદાર ગુર્જરી, મધ્યાંતર, દિવ્ય સમાચાર, દિવ્ય ભાસ્કર (આણંદ), કવૉલિટી સકસેસ, ચરોતર સેતુ (નડિયાદ), જાગૃતિ સાપ્તાહિક (ખંભાત), મહાગુજરાત (પાટણ), ફીલિંગ્સ મેગેઝીન-વડોદરા, ન્યુઝ ઓફ ગાંધીનગર - ગાંધીનગર
પ્રિન્ટ પબ્લિસીટી : મોરલીધર પ્રેસ પ્રા. લિ., કિરણ ઝેરોક્સ, વેબસાઈટ : પરફેક્ટ સોફટવેર (નડિયાદ), www.vastradan.us

# ૨૨ જાન્યુઆરી, "વીરદાદા જશરાજ શોર્યં દિન"

**ગૌરક્ષક, ધર્મરક્ષક, શૌર્ય પ્રતિક, વીરદાદા જશરાજ**
**રઘુવંશીઓ-લોહરાણાઓનાં સરતાજ, વીરદાદા જશરાજ**
**રામ રાજ્યનાં મહારાજા, રઘુકુળ ગૌરવ, ગૌરક્ષક વીરદાદા જશરાજનો સંક્ષિપ્ત ઈતિહાસ**




શોર્યભૂમિ મનાતી એવી ભારત ભૂમિ પર અવતરિત શુરવીર યોધ્ધા સુર્યવંશનાં વંશજ લોહરાણા કુળમા જન્મેલા લોહરગઢનાં મહારાણા વીરદાદા જશરાજનો ૨૨ જાન્યુઆરીનાં રોજ શોર્ય દિન છે. દાદા જશરાજનો જન્મ લોહર કોટમાં થયો હતો.

લોહ એટલે લોખંડ જેવા મજબુત. લોહરાણાઓ કે જેમણે ત્રણસો વર્ષ પર્યન્ત ભારત દેશની ચોકીદારી કરી. શુરવીરતા, સમર્પણ, કરુણા અને કોઇના દુ:ખમાં ભાગ લેવો એ વર્ષોથી લોહરાણાઓની પરંપરા રહી છે. રાજા વસ્તુપાળ અને રાણી વીરકોરના પાટવી કુંવર મોટા પુત્ર વસ્તરાજ ઉર્ફે વચ્છરાજ દાદા અને નાના પુત્ર વીર જસરાજ જેમનો જન્મ ઇ.સ. ૧૦૩૨, વિક્રમ સવંત ૧૦૮૭, હીજરી સન ૪૨૨માં થયો. બંને ભાઇ બાલ્યાવસ્થાથી જ વીર, તેજસ્વી અને ઘોડેસવારીમાં નિપુણ હતા અને વીર યોધ્ધા તરીકે ઓળખાતા હતા. તા. ૧૫-૦૧-૧૦૪૮ને શુક્રવાર વિક્રમ સવંત ૧૧૦૩, હીજરી સન ૪૩૯નાં દીને કુવંર વચ્છરાજ ને લોહર કોટનાં નવા મહારાણા તરીકે સ્થાપિત કરાયા. પરંતુ એક પગે અપંગતા હોવાથી દીલાવર દીલનાં વચ્છરાજ દાદાએ જાતે પોતાના નાના ભાઇ જસરાજ ને રાજતીલક કરી લોહર કોટનાં નવા મહારાણાની જાહેરાત કરી. તેમણે વિધર્મીઓનો અંત કરીને કાબુલનાં કિલ્લા ઉપર વિજય ધ્વજ ફરકાવ્યો એવું કહેવાય છે કે જેટલો ત્યાગ ગુરુ ગોવિન્દ સિંહમાં હતો, જેટલો શોર્ય મહારાણા પ્રતાપમાં હતું કે જેટલુ સાહસ વીર શિવાજીમાં હતુ તેટલી જ શક્તિ , સાહસ અને શોર્ય સુર્યવંશી રાણા જસરાજમાં હતુ. રામ રાજયના સમયમાં ભગવાન શ્રીરામની આજ્ઞાથી ભરત મહારાજે તે વખતના ગાંધાર(હાલ અફઘાનિસ્તાન)પ્રદેશમાં જાગેલા વિદ્રોહને પરાજિત કરી તે પ્રદેશમાં તક્ષશીલા અને કોંકણપુર(પેશાવર) શહેરો વસાવ્યા હતા અને સમસ્ત રઘુવંશી રાજયની સ્થાપના કરી હતી. અત્યારના પાકિસ્તાનની ઉતરભ્રમી અને અફઘાનિસ્તાનની દક્ષીણી ભુમી પર હિમાલયની ગિરિમાળા વચ્ચે લોહર પ્રદેશ હતો. આ રાજય હોવાથી તે વખતના ભારતના રાજય મંડળે લોહ રાજવીને લોહરાણાનો શીરપાવ એનાયત કર્યો હતો. તે સમયે મોગલશાહ ચંગીઝખાન અને મહંમદ ગઝનીએ અવારનવાર કરેલી ચઢાઈઓને લોહરાણાઓએ મારી હટાવી હતી. ઈસવીસન પૂર્વે સિકંદર કૂચ અટકાવનાર લોહરાણા પોરસની જેમ જશરાજે ઈરાનીઓ અને અફઘાનિસ્તાનીઓની કૂચને અટકાવી હતી.

કુંવર જસરાજની સગાઈ ઉનડકોટનાં રાણા રઘુપાલ ઉનડકોટની દીકરી સાથે થઈ હતી. વસંતપંચમીના દિવસે જયારે જસરાજજીના લગ્નનો દિવસ હતો એ દિવસે જ મલેચ્છ સેનાએ કંદહાર અને હિંદુકુશના રસ્તેથી આવી ઉનડકોટની નજીક જ આવેલ લાતુરગઢ ઉપર હુમલો કર્યો. ઉનડકોટમાં મહારાણા જસરાજનાં લગ્નમાં બધા મગ્ન હતા. મલ્લેછોએ ઉનડકોટની ગાયોનું હરણ કરી લીધું હતુ. એક ગોવાળે આ સમાચાર સેનાપતિ સિંધુદેવ શર્માને આપ્યા. તેઓએ પોતાના અંગત સાથીદારોને સાથે લઇ વિધર્મીઓની સામે બાથે ભીડ્યા. આ યુદ્ધમાં વિધર્મીઓએ ગાયોને સામે રાખી હતી હવે જો તેઓ શસ્ત્ર ઉપાડે, સામો પ્રહાર કરે તો ગાયોનુ મૃત્યુ થાય માટે તેઓએ હાથબળથી યુધ્ધ કર્યુ અને વિરગતી પામ્યા. જયારે સેનાપતિ સિંધુદેવ શર્માનુ શવ ઘોડા ઉપર આવે છે. દાદા જસરાજ સહિત બધાની આંખોમા આંસુ આવી જાય છે. તેમની મોટી બહેન હરકૌર પોબારુની વિનંતીથી દાદા લગ્નવેદીનાં ચાર ફેરા તો ફરે છે પરંતુ પોતાની પત્નીની સંમતિથી જ લગ્ન પછી તરત જ ગાયોના રક્ષણ માટે યુધ્ધે ચડે છે.

જેમાં તેની બહેન હરકૌર પણ મદદ કરી હતી. આખરે કાબુલનાં દુશ્મન પરાજિત થયા, અને જશરાજ વિજયી થયા. લોહર સૈનિકનાં વેશમાં આવેલ એક શત્રુએ લગ્નની ખુશાલીમાં જસરાજ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી વંદન કરી દગાથી જસરાજની ગરદન ઉપર સાંગ મારી માથું ઉતારી દીધું. જસરાજનું માથા વિનાનું ધડ પણ ઝનૂનથી લડે છે ત્યારથી તેઓ લોહાણા અને ભાનુશાલીઓ દ્વારા વીરદાદા જશરાજ કુળદેવતા તરીકે પૂજાતા આવ્યા છે અને તેની બહેન હરકૌરની લોહાણા કુળ દ્વારા કુળદેવી તરીકે પૂજા કરવામાં આવે છે. મહારાણા પ્રતાપનાં ચેતક ઘોડાની જેમ દાદા જસરાજનો પ્રિય અશ્વ લાલુ હતો જેમની ખાંભી આજે પણ ઉનડકોટમાં જોવા મળે છે.

ગૌરક્ષક, ધર્મરક્ષક, શૌર્ય પ્રતિક, વીરદાદા જશરાજ.

રઘુવંશીઓ - લોહરાણાઓનાં સરતાજ, વીરદાદા જશરાજ.

રામ રાજ્યનાં મહારાજા, રઘુકુળ ગૌરવ, ગૌરક્ષક વીરદાદા જશરાજ.

વીરદાદા જશરાજજીની જય હો.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ભાજપ પહેલા કોંગ્રેસે જ પોતાના ૩૩ નેતાઓનો પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓ સામે ગુજરાત કોંગ્રેસે સપાટો બોલાવ્યો

અમદાવાદ,તા.૨૦

ગુજરાતની ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિઓમાં ભાજપ કાર્યવાહી કરે કે ના કરે પણ કોંગ્રેસે કરી દેખાડી છે. વિધાનસભા ચૂંટણીમાં પક્ષ વિરોધી કામ કરનાર નેતાઓ સામે કોંગ્રેસ કડક બની છે. આજે કોંગ્રેસે ૩૩ નેતાઓને સસ્પેન્ડ કરી દીધા છે. ભાજપનો રિપોર્ટ પણ આજકાલમાં સબમિટ થઈ જશે. ભાજપ આ મામલે કડક પગલાં ભરે તેવી સંભાવના છે. જેમાં પૂર્વમંત્રીઓથી લઈને મોટા નેતાઓના નામ સામેલ છે. સુરેન્દ્રનગર કોંગ્રેસ પ્રમુખ રૈયાભાઈ રાઠોડને પક્ષમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે. નર્મદા જિલ્લા પ્રમુખ હરેન્દ્ર વાણંદને પણ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયા છે. પૂર્વ ધારાસભ્ય પીડી વસાવાને પણ કોંગ્રેસ પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સસ્પેન્ડ કર્યા છે. આમ કોંગ્રેસે મોટા માથાઓને ઘરભેગા કરી દીધા છે. કોંગ્રેસે નેતાઓને ઝટકો આપ્યો છે. આ સાબિત કરે છે કે કોંગ્રેસ કોઈને પણ છોડવાના મૂડમાં નથી.

કોંગ્રેસ ઉમેદવારના વિરોધમાં કામ કરનાર સામે કાર્યવાહી કરાઈ છે. ૫ સભ્યોની શિસ્ત સમિતિએ સાથે મળી નિર્ણય લીધો છે. ૭૧ અરજીઓમાં ૯૫ લોકો સામે ફરિયાદો આવી હતી. વધારે દોષિતને સસ્પેન્ડ અને કેટલાક હોદ્દેદારના હોદ્દા પરત લેવાયા છે. કોંગ્રેસે મસમોટા નિર્ણયો લઈને ૩૩ લોકોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. ૧૮ લોકોને રૂબરૂ મળી નિર્ણય લેવાશે. ૬ હોદ્દેદારોના હોદ્દા પરત લેવામાં આવ્યા છે. ૮ અરજીઓમાં ઠપકો આપવામાં આવ્યા છે જયારે ૪ અરજીઓ પેન્ડિંગ રખાઈ છે. કોંગ્રેસે ૨ જિલ્લાના પ્રમુખને સસ્પેન્ડ અને એક પૂર્વ પ્રમુખને સસ્પેન્ડ કરી દીધા છે. કોંગ્રેસે ભલે ૧૭ સીટો જ જીતી હોય પણ પક્ષપલટુઓને બિલકુલ માફ કરવાના મૂડમાં નથી. ભાજપ હજુ નેતાઓની આળપંપાળ કરી રહી છે.તો બીજી તરફ, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ભલે રેકોર્ડબ્રેક બેઠકો જીતી હોય, પણ વાસ્તવિકતા એ છે કે, ભાજપના જ ઉમેદવારને હરાવવા ભાજપના જ અસંતુષ્ટોને ખૂબ જ ધમપછાડા કર્યા હતાં. ભાજપ આ મામલે આળપંપાળ કરશે તો સંગઠનમાં ખોટો મેસેજ જવાનો પક્ષને ડર છે. આ મામલે ખુદ ભાજપના જ ઉમેદવારોએ કમલમ સુધી ઢગલાબંધ ફરિયાદો કરી હતી. આખરે ભાજપે શિસ્ત સમિતી રચી પક્ષવિરોધીઓ પૂર્વ મંત્રીથી માંડીને પૂર્વ ધારાસભ્યોનું લિસ્ટ ઘણુ લાંબુ છે.

હવે સવાલ એ છે કે ભાજપ કાર્યવાહી કરે છે કે કેમ? કારણ કે એક બે દિવસમાં શિસ્ત સમિતિ આ રિપોર્ટ પાર્ટીને સોંપી દેશે.

બિલાડીને જ દૂધના રખોપા સોંપાયા હોય એમ ખુદ શિસ્ત સમિતીના પ્રમુખ વલ્લ કાકડિયા સામે જ પક્ષ વિરોધી પ્રવૃતિ કરી હોવાનો આરોપ આ બેઠકમાં મૂકાયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.